# કૃત સંકલ્પ

જ્ઞાન • પ્રેરણા • સમર્પણ

Vol.15-16* Issue : 474, 05th January - 2023* કુલ પાના ૨૦* અંક કિંમત રૂા. - ૫.૦૦




## બાહ્ય સુરક્ષા માટે આંતરિક સુમેળ-સંવાદિતા અનિવાર્ય : રઘુરામ રાજન

દેશની આર્થિક પ્રતિષ્ઠાને ઘસારો

દેશહિત ભાજપનો ઇજારો નથી, શું બહુમતી ગુજરાતીઓ ગુજરાતનાં દેશદ્રોહીઓ છે ?

હિતેન્દ્રભાઈના પત્નીએ સરકાર બચાવી...


મકરસંક્રાંતિના
પર્વ નિમિત્તે
સૌ ભાઈ બેહેનોને શુભેચ્છા
કોંગ્રેસ
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

**સંપાદક અને પ્રકાશક**

હસમુખ પટેલ

**સહ સંપાદક**

ડૉ. મનિષ દોશી

વિજય દવે

RNI No. : 70957/1998

L-5/131/GAMC/1720/2021-23

**વર્ષ : ૧૫-૧૬**

**સળંગ અંક : ૪૭૪**

**5, January - 2023**

**રજિ. કાર્યાલય**

**કૃત સંકલ્પ ટ્રસ્ટ,**

મંગલપ્રભાત બિલ્ડિંગ,

સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ પાસે, મિરઝાપુર,

**અમદાવાદ**

E-mail : krutsankalp2015@gmail.com

**લવાજમ : વાર્ષિક રૂ.૨૫૦, દ્વિવાર્ષિક : રૂ.૪૫૦**

**ટાઈપ સેટિંગ-લેઆઉટ :**

વિજય સોલંકી, મનોજ પાટીલ

**મુદ્રક :** પાયલ પ્રિન્ટર્સ, ઈન્કમટેક્સ,

આશ્રમરોડ, અમદાવાદ.

# પ્રમુખશ્રીનો સંદેશ



**વર્ષ** બદલાઈ ગયું છે. ૨૦૨૩નું નવું વર્ષ શરૂ થઈ ગયું છે, પરંતુ ગુજરાતમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારની બીજી ઈનિંગમાં પણ બિનકાર્યક્ષમ રીતે કામ કરવાની જૂની પુરાણી ઘરેડ બદલાઈ નથી. મોંઘવારીથી પીસાતી જનતા અને બેરોજગારીનો સામનો કરી રહેલા ગુજરાતના યુવાનોને કોઈ ફાયદો થયો હોય એવું જણાતું નથી. મોંઘવારી સતત વધી રહી છે અને બેરોજગારી વિક્રમી સ્તરે છે.

અધૂરામાં પૂરું હવે કોરોનાની નવી લહેર ડોકિયું કરી રહી છે. ૧૨૦ ગણી ઝડપથી સંક્રમણ ફેલાવતો કોરોના વાઈરસનો નવો ખતરનાક વેરિયન્ટ XBB1.5 ની ગુજરાતમાં એન્ટ્રી થઈ ગઈ હોવા છતાં ગુજરાત સરકાર અને તેના આરોગ્ય તંત્રનું પેટનું પાણી હલતું નથી. કોરોનાના ખતરા સામે તંત્રને સુસજ્જ કરવાના બદલે ગુજરાતની તાયફા-તમાશા પ્રેમી ભાજપ સરકાર કાંકરિયા કાર્નિવલ, ફ્લાવર-શો જેવા જાહેર મેળાવડાં યોજી રહી છે કે જ્યાં માસ્ક, સોશિયલ ડિસ્ટન્સિંગ જેવા પ્રોટોકોલનું કોઈ પાલન થતું નથી અને આ રીતે લાખોની ભીડ ભેગી કરીને સરકાર નવી લહેરને સામે ચાલીને આમંત્રણ આપી રહી છે. આ ઉપરાંત સરકાર કોરોનાના બહાના હેઠળ કોંગ્રેસની "ભારત જોડો યાત્રા"ને અટકાવવાની કોશિષ કરી રહી છે જે ખરેખર શરમજનક વાત છે.

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે નોટબંધી અંગે જે ચૂકાદો આપ્યો છે તે તેની પ્રક્રિયા સાથે સંકળાયેલ છે, નહીં કે તેના પ્રભાવ સાથે. આથી સુપ્રીમ કોર્ટે નોટબંધીના નિર્ણયને યોગ્ય ગણાવ્યો છે એવું કહેવું સંપૂર્ણતઃ ભ્રામક અને અયોગ્ય છે. સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં નોટબંધીની અર્થતંત્રને વિનાશક અસરો અંગે કંઇ જ કહ્યું નથી. વાસ્તવમાં નોટબંધીના નિર્ણયથી દેશનું MSME ક્ષેત્ર પાંગળું બની ગયું અને અસંગઠિત ક્ષેત્ર ખતમ થઈ ગયું હતું અને નોટબંધીથી દેશની આર્થિક પ્રગતિ થંભી ગઈ હતી. સુપ્રીમ કોર્ટના ચૂકાદામાં લઘુમતીના નિર્ણયે નોટબંધીની ગેરકાયદેસરતા અને અનિયમિતતા તરફ ઇશારો કર્યો છે. પૂર્વ નાણાપ્રધાન પી. ચિદમ્બરમે સાચું જ કહ્યું છે કે, સરકાર માટે આ એક ફટકાર છે. લઘુમતીનો નિર્ણય અદાલતના ઇતિહાસમાં નોંધાયેલી જાણીતી અસંમતિમાં સ્થાન પ્રાપ્ત કરશે.

દેશવાસીઓને ૧૪, જાન્યુઆરીના મકર સંક્રાંતિ પર્વની શુભકામનાઓ.

જય જય ગરવી ગુજરાત...



**જગદીશ ઠાકોર**

પ્રમુખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ



લખવું એ ધોમધખતા તાપમાં ડામરની સડક બનાવવા માટે જે મજૂરી કરવી પડે તેના કરતાય વધારે મહેનત માંગી લેતું કામ છે. - **નવલકથાકાર જોનગ્રિશમ**

# કાર્ટૂન કાફે...

- સં. પાર્થિવરાજસિંહ કઠવાડિયા


















# દેશની આર્થિક પ્રતિષ્ઠાને ઘસારો

## નોટબંધીનું એલાન રિઝર્વ બેન્કના ગવર્નરને બદલે ખુદ વડા પ્રધાને કર્યું ત્યારે એમના મનમાં જે ગણિત હતું તે ખોટું પડ્યું હતું, છતાંય તેમણે પોતાના મતદારો સમક્ષ કદી કબૂલ્યું નહીં કે નોટબંધીના નિર્ણયમાં તેમણે મોટું ગોથું ખાધું છે, પ્રજાને એ સમજતાં વાર લાગી કે આ આખો અધ્યાય વાસ્તવમાં ભારત સરકારની ગંભીર ભૂલ હતી

**કેન્દ્રના** નાણાંપ્રધાન નિર્મલા સીતારામન દ્વારા તેમના પુરોગામી અરુણ જેટલીની જેમ જ અસત્ય ઉચ્ચારવાની પ્રેક્ટિસની શરુઆત કરવામાં આવી છે. નિર્મલા સીતારામન નાણાં મંત્રાલયમાં આવીને રહી રહીને આટલી ઝડપથી ખોટું બોલતાં શીખી જશે એની સૌને ધારણા ન હતી, કારણ કે એમણે પોતે જ મંદીને નાથવા માટેનાં કેટલાંક પગલાં લીધાં છે અને હજારો કરોડ રૂપિયા બજારમાં સરકારના વરદ હસ્તે દાખલ કરેલા છે. ત્યારે તેઓ દેશમાં તેજી હોવાની બીન વગાડી રહ્યા છે. અત્યારે ભાજપ ચોતરફથી ઘેરાઈ ગયું છે ત્યારે સત્યનો સ્વીકાર ન કરવાની વૃત્તિ એને અર્થકારણમાં નડી રહી છે. નાણાંપ્રધાન પોતે એમ કહેતાં હોય કે વિકાસ દર ઘટ્યો છે, પરંતુ દેશમાં મંદી નથી તો તેમની આ અતાર્કિક અને શાસ્ત્રશૂન્ય વાત કોણ સ્વીકારશે? દેશના સામાન્ય નાગરિકોએ આંખો પર પાટા બાંધેલા નથી. નાગરિકો પોતાની નજર સામે જ બધું જુએ છે. રૂપિયો ઘટ્યો નથી, પણ ડોલર વધ્યો છે એ પ્રકરણમાં તેઓને બહુ મજાક સહન કરવી પડી હતી.




વર્તમાન કેન્દ્ર સરકારનાં મનમાં હજુ પણ એવો ખ્યાલ છે કે વારંવાર ખોટું બોલવામાં આવે તો છેવટે એ અસત્ય હોવા છતાં પ્રજાને ગળે ઉતરી જાય છે, પરંતુ હવે એવું નથી. જમાનો બદલાઈ ગયો છે. પહેલી જ વાર ભાજપવાળા ખોટું બોલે કે તરત જ પ્રજાના કાન સરવા અને સાવધાન થઈ જાય છે, કારણ કે ભાજપમાં સહુ કાર્યવિદ્યાને બદલે રાજવિદ્યાથી છલકાયેલા છે. તેમનો મોટા ભાગનો સમય રાજકીય ખટપટોમાં જ પસાર થાય છે. ચૂંટણી જીતવી તે એક વાત છે અને લોકહૃદયની ચાહના પ્રાપ્ત કરવી એ બીજી વાત છે.

વડા પ્રધાનની આસપાસ વાહવાહી કરનારું એક આભામંડળ સતત વધતું રહે છે. એનડીએ સરકારના તમામ પ્રધાનો વડા પ્રધાન મોદીની સ્તુતિ-પ્રશંસામાં એટલા બધા પાવરધા છે કે જમીની હકીકતોથી મોદીને સતત અંધારામાં રાખવામાં તેઓ સફળ નીવડે છે. મોદી કેબિનેટ સતત ખોટા અગ્રતાક્રમે કામ કરે છે. જ્યાં ધ્યાન આપવાનું છે તેના બદલે એ કામ પડતું મૂકીને સરકાર ચમકદમક અને પ્રચાર પાછળ જ એકાગ્ર છે.

નાણાં પ્રધાનની સમસ્યા એ છે કે, તેઓ એમ માને છે કે તેઓ સાચું બોલે છે, પણ ખરેખર તેઓ અસત્ય બોલે છે. તેમણે કહેલું કે મોંઘવારી કાબૂમાં છે, પણ ખરેખર મોંઘવારી બેકાબૂ છે. એટલે કે મોંઘવારી કાબૂમાં છે એમ એ ક્યારે કહેવાય એટલી તેમને ખબર નથી. ડોલર અને રૂપિયા અંગેના તેમનાં હાસ્યાસ્પદ નિવેદનો જાણીતાં છે. તેમણે એક નવી વાત કહી કે દેશમાં ઔદ્યોગિક ઉત્પાદન વધવાનાં સંકેતો જોવા મળી રહ્યાં છે. કદાચ એમની પાસે ડિવાઈન નજર હોય અને તેઓ જોઈ શકતાં હોય તો ભલે, બાકી દેશમાં સતત ઉત્પાદન ઘટતું જાય છે, એ

વાત આંખે દેખી ન શકતા સજ્જનને પણ અહેસાસ થાય એવી વાત છે. નેતાઓ કઈ હદે પ્રજા સમક્ષ અસત્ય અને સાવ વિપરીત વિધાનો કરે છે તે આ વિધાનોમાં જોવા મળે છે. ગુજરાતમાં કેટલા બધા જિલ્લાઓ એવા છે કે જ્યાં ૨૫ વર્ષમાં એક પણ નવા ઉદ્યોગના શ્રીગણેશ થયા નથી.

**નોટબંધીથી આર્થિક દુર્ઘટનાને છ વરસ પૂરા :** નોટબંધીમાં નોટ બદલવાની હતી, જૂની આપીને નવી લેવાની હતી, પરંતુ પછીથી દેશના કરોડો લોકોના હાથમાં નોટ આવતી જ બંધ થઈ ગઈ. જ્યારે નોટબંધીનું એલાન રિઝર્વ બેન્કના ગવર્નરને બદલે ખુદ વડા પ્રધાને કર્યું ત્યારે એમના મનમાં જે ગણિત હતું તે ખોટું પડ્યું હતું, છતાંય તેમણે પોતાના મતદારો સમક્ષ કદી કબૂલ્યું નહીં કે નોટબંધીના નિર્ણયમાં તેમણે મોટું ગોથું ખાધું છે. પ્રજાને એ સમજતાં વાર લાગી કે આ આખો અધ્યાય વાસ્તવમાં ભારત સરકારની ગંભીર ભૂલ હતી. નોટબંધીના શરૂઆતના દિવસોમાં તો જે સામાન્ય નાગરિકો બેન્ક સામે લાઇનમાં ઊભા હતા તેઓ જાણતા ન હતા કે આનાં પરિણામો કેવાં ભયંકર આવવાના છે. આજે બજારની હાલત જ બધું કહે છે.

દુનિયામાં ચારેતરફથી ભારતની આર્થિક પ્રતિષ્ઠાને ઘસારો લાગી રહ્યો છે, પરંતુ ભાજપના નેતૃત્વમાં ચાલતી એનડીએ સરકારનો અગ્રતાક્રમ હજુ પણ અર્થતંત્ર નથી. મૂડીઝ સહિત અનેક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ ભારતનું રેટિંગ ઘટાડ્યું છે. દુનિયાના આર્થિક નિષ્ણાતો અને સલાહકારોએ ભારત વિશે ગંભીર ચેતવણી ઉચ્ચારી છે, જેમાં તમામે આ મંદીને ભારત સરકારની સેલ્ફ-મેઈડ મંદી કહી છે. રૂપિયા પાંચસો અને એક હજારની ચલણી નોટ રદ કરવા પાછળ મોદી સરકારનો હેતુ કાળું નાણું ઝડપી પાડવાનો હતો, જે સિદ્ધ ન થયો અને બધી જ નોટો બેન્કિંગના રસ્તે રિઝર્વ બેન્ક પાસે પાછી આવી ગઈ, પણ દેશ માટે આ વાત ભારે આઘાતજનક પૂરવાર થઈ. નોટબંધી વેળાએ છૂટા કરવામાં આવેલા કામદારો-કારીગરો અને કર્મચારીઓમાંથી અનેકા અનેક હજુ ઠેકાણે પડ્યા નથી. નોટબંધીનો છ વર્ષ પછી કેન્દ્ર સરકારે કે રિઝર્વ બેન્કે સર્વે કરવાની જરૂર હતી કે નોટબંધીના કારણે સ્થગિત થયેલા ઉદ્યોગો પુનઃ કાર્યાન્વિત થયા કે કેમ ? જો નોટબંધી સફળ નીવડી હોત તો ભાજપે ભવ્ય ઉજવણી કરી હોત.

ફુગાવો નાથવામાં સરકાર અને કામયાબી વચ્ચેની ખાઈ વધુ ને વધુ ગહન થતી જાય છે. કેન્દ્રના આજ્ઞાંકિત રિઝર્વ બેન્કના ગવર્નર પણ ફુગાવો નાથવામાં નિર્મલા સીતારામન સાથો સાથ એકસરખાં ગોથાં ખાઈ રહ્યા છે. દેશના અર્થતંત્રને એક નૂતન વળાંક આપવા માટે વડા પ્રધાને વિવિધ સોળ મંત્રાલયોના પારસ્પરિક જોડાણથી દેશની નવરચના માટે ગતિશક્તિ યોજનાની શરૂઆત કરી છે. આમ આ યોજના કેટલી ગતિ અને કેટલી શક્તિ દાખવી શકે એ જોવાનું રહે છે, કારણ કે તે બીજા સૂત્રોની જેમ ફક્ત એક સૂત્ર છે. ફક્ત યોજનાઓનું લિંકિંગ કરવાથી અર્થતંત્રમાં કઈ રીતે પ્રાણ ફૂંકી શકાશે ? વિવિધ આંતરરાષ્ટ્રીય એજન્સીઓએ ભારતના વિકાસદરનો અંદાજ સતત ઘટાડ્યો હતો.

આપણાં દેશમાં એક વિરાટ મિડલ ક્લાસ માર્કેટ છે. છેલ્લાં કેટલાંક સમયથી નાના પગારદારોની ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે. સંયુક્ત રાષ્ટ્રસંઘે ભારતના વૃદ્ધિ દરનો અંદાજ નવેસરથી ઘટાડીને ૫.૭ ટકા જાહેર કર્યો હતો. જો કે અગાઉ ઈ.સ. ૨૦૧૯ના જૂલાઈ-સપ્ટે.ના ત્રિમાસિક ગાળા દરમ્યાન ભારતનો વિકાસ દર ઘટીને ૪.૫ ટકા થઈ ગયો હતો, જે છેલ્લા એક દાયકામાં સૌથી ઓછો હતો.

ઈ.સ. ૨૦૧૮-૧૯નો વિકાસ દર ૬.૮ ટકા હતો. ત્યારના એટલા ઊંચા વિકાસ દરનું એક કારણ એ પણ છે કે નોટબંધી પછી નાગરિકોના પૈસા બજારમાં થોડાં સમય માટે ફરતા થયા હતા. ઉપરાંત કરન્સીમાં બચત રાખવાના બદલે નવા નવા રોકાણોમાં શ્રીમંતો વળ્યા હતા. ત્યારે પણ દેશના ઔદ્યોગિક ઉત્પાદનો, સેવાઓ અને કૃષિક્ષેત્ર દ્વારા હાંસલ કરવાપાત્ર વિકાસ દર તો પાછળ જ રહ્યો હતો. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના જુલાઈથી સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળા માટે ભારતનો જીડીપી વૃદ્ધિ દર ૬.૩ ટકા નોંધાયો હતો. પાછલા નાણાકીય વર્ષના સપ્ટે. ક્વાર્ટરમાં જીડીપી વૃદ્ધિ દર ૮.૪ ટકા હતો. કોરોના સંકટમાંથી બહાર નીકળવામાં સફળતા મળી હોવા છતાં પણ દેશના અર્થતંત્રની ઝડપ સુસ્ત છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડે ચાલુ નાણાકીય વર્ષ અને આગામી નાણાકીય વર્ષમાં ભારતનો જીડીપી વૃદ્ધિ દર અનુક્રમે ૬.૮ ટકા અને ૬.૧ ટકા રહેવાનો અંદાજ મૂક્યો છે.

દેશના વિદેશી મુદ્રાભંડારમાં ફરી ઘટાડો થયો છે. ૧૬ ડિસે.-૨૦૨૨ના રોજ પૂરા થયેલા સપ્તાહ દરમ્યાન તેની વિદેશી વિનિમય અનામત ૫૭૧ મિલિયન ડોલર ઘટીને ૫૬૩.૪૯૯ બિલિયન ડોલર થઈ ગઈ છે તેમ રિઝર્વ બેન્કના ડેટામાં જણાવાયું

હતું. ભારતીય ચલણના મૂલ્યમાં ડોલર સામે નોંધપાત્ર ઘટાડો થયો હતો. આ તીવ્ર ઘટાડાને રોકવા માટે રિઝર્વ બેન્કે બજારમાં ઘણાં બધાં ડોલર વેચ્યા તેની અસર દેશના વિદેશી મુદ્રા ભંડાર પર પડી હતી.

ભારતીય રિઝર્વ બેન્કના ભૂતપૂર્વ ગવર્નર સી. રંગરાજને કહ્યું કે ભારત માટે વિકસિત દેશનો દરજ્જો હાંસલ કરવાનું સપનું ઘણું દૂર છે. ભારતે વિકસિત દેશ બનવા આગામી બે દાયકા સુધી સતત ૮-૯ ટકાનો મજબૂત જીડીપી વૃદ્ધિદર જાળવવો પડશે. ભારતને ૫ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવાની જાહેરાત ટૂંકા ગાળાનું લક્ષ્ય છે, કારણ કે આવું થયા પછી પણ દેશની માથાદીઠ સરાસરી આવક ૩૪૭૨ ડોલર રહેશે અને ભારત ત્યારે પણ નીચી મધ્યમ આવક ધરાવતો દેશ ગણાશે. ૯ ટકાના વિકાસ દરે પાંચ ટ્રિલિયન ડોલરનું લક્ષ્યાંક હાંસલ કરતાં પણ પાંચ વર્ષ લાગી શકે છે. એક વિકસિત દેશ બનવા માટે ભારતની માથાદીઠ આવક ઓછામાં ઓછી ૧૩,૨૦૫ ડોલર હોવી જોઇએ. ભારતે આ સ્તરે પહોંચવા માટે બે દાયકા કરતાં વધુ સમય માટે ૮ થી ૯ ટકાનો મજબૂત વિકાસદર જાળવવી રાખવો પડશે. ઇન્ટરનેશનલ મોનેટરી ફંડના રેન્કિંગ અનુસાર માથાદીઠ આવકની દષ્ટિએ ભારત ૧૯૭ દેશોમાં ૧૪૨માં ક્રમે છે.

અમેરિકાની સરાસરી માથાદીઠ આવક વર્ષે ૭૫,૧૮૦ ડોલર્સ, ડેન્માર્ક ૬૭,૯૨૦ ડોલર્સ, યુ.કે. ૪૭,૩૧૮ ડોલર્સ, જર્મની ૪૮,૩૯૮ ડોલર્સ, જાપાના ૩૪,૩૫૮ ડોલર્સ, ફ્રાંસ ૪૨,૩૩૦ ડોલર્સ, ચીન ૧૨,૯૭૦ ડોલર્સ, અને ભારતની ૨૪૬૬ ડોલર્સ.

ભારત ૨૦૨૫-૨૬નું નાણાકીય વર્ષ પૂરું કરશે. ઇ.સ. ૨૦૨૭માં જગતનું ચોથા નંબરનું સૌથી મોટું અર્થકારણ બનશે તેવું રિઝર્વ બેન્કના ડેપ્યુટી ડાયરેક્ટર માઇકલ પાત્રાનું કહેવું છે. વર્લ્ડ બેન્કના ૨૦૨૧ના ડેટા એમ જણાવે છે કે ઇ.સ. ૨૦૨૧માં અમેરિકાની રાષ્ટ્રીય આવક (જીડીપી) ૨૩ ટ્રિલિયન ડોલર્સ હતી, જે જગતમાં સૌથી વધારે હતી. બીજા ક્રમે ચીનની રાષ્ટ્રીય આવક ૧૭.૭ ટ્રિલિયન ડોલર્સ હતી. ત્રીજા ક્રમે જાપાનની રાષ્ટ્રીય આવક ૪.૯ ટ્રિલિયન ડોલર્સ હતી. પાંચમા ક્રમે ભારતની રાષ્ટ્રીય આવક ૩.૨ ટ્રિલિયન ડોલર્સ હતી, છઠ્ઠા ક્રમે યુ.કે.ની રાષ્ટ્રીય આવક પણ ૩.૨ ટ્રિલિયન ડોલર્સ હતી. કોઈ પણ દેશની સમૃદ્ધિ તેની કુલ રાષ્ટ્રીય આવકની માપણી કરવા ઉપરાંત તે દેશની માથાદીઠ સરાસરી આવકમાં માપવી જોઇએ. અમેરિકા, જર્મની, યુ.કે., જાપાન અને ચીનની સરાસરી માથાદીઠ આવક ભારતની સરાસરી માથાદીઠ આવક કરતાં આપણી આંખો પહોળી થઈ જાય તેટલી મોટી છે. વળી સરાસરી આવક ઉપરાંત તેની વહેંચણી ન્યાયી છે કે નહીં તેની પણ તપાસ કરવી પડશે.

ભ્રષ્ટાચાર ઘટવાના બદલે વધી રહ્યો છે. વર્લ્ડ ઇકોનોમિક ફોરમના મંચ પરથી દુનિયાના સૌથી વધુ ભ્રષ્ટ દેશોની ઓળખ છતી કરવા જે યાદી જાહેર કરાઈ છે એમાં ભારતને અગાઉ કરતાં વધુ બે પગથિયાં નીચે ઉતરતો અધિક ભ્રષ્ટ દેશ બતાવાયો છે. આ અધોગતિ છેલ્લાં થોડાક વર્ષોથી ચાલુ છે અને હવે તેમાં ગતિ આવતાં એક વરસમાં બબ્બે પગથિયાનું પતન દુનિયાને જોવા મળી રહ્યું છે. ભ્રષ્ટ ઉધઈ ચોતરફ ફરી વળી છે. ભ્રષ્ટ આચરણની બાબતમાં ભારતના સમકક્ષ દેશોમાં ચીન, ધાના અને મોરક્કો છે. ધાના અને મોરક્કો તો સાવ નાના અને થર્ડ ક્લાસ આફ્રિકી દેશો છે. એની પંગતમાં ભારતે બેસવું પડે એ બહુ શરમજનક સ્થિતિ છે.

ચાલું નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં એટલે કે સપ્ટેમ્બરના અંતે ભારત સરકારનું કુલ દેવું વધીને રૂ.૧૪૭.૧૯ લાખ કરોડ થયું હતું. જે જૂનના અંતે પહેલા ક્વાર્ટરમાં રૂ.૧૪૫.૭૨ લાખ કરોડ હતું. આમ સરકારના દેવામાં ૩ મહિનાના ટૂંકા ગાળામાં રૂ.૨ લાખ કરોડનો વધારો થયો હતો. ગયા વર્ષના સમાનગાળામાં એટલે કે સપ્ટેમ્બર-૨૦૨૧ના અંતે સરકારી ઋણબોજ ૧૨૧.૭૨ લાખ કરોડ હતો. તેમાં ગયા સમાનગાળાની તુલનાએ ૨૧.૪૮ લાખ કરોડનો વધારો થયો છે. આમ તેમાં વાર્ષિક ધોરણે ૨૧ ટકાનો વધારો થયો છે.

ભારતીય બેન્કોનું ભાવિ ધૂંધળું અને આઉટલૂક અનિશ્ચિત રહેશે તેવું ભારતીય રિઝર્વ બેન્કે તેના અહેવાલમાં જણાવ્યું છે. આરબીઆઈએ કહ્યું છે કે, કોરોના કાળમાં ભારતની બેન્કોએ ભલે મોટા પ્રમાણમાં મૂડી એકઠી કરી હોય અને ગુણવત્તા ધરાવતી સંપત્તિનું સર્જન કર્યું હોય તો પણ ભવિષ્યમાં બેન્કોની કામગીરીનું આઉટલૂક અનિશ્ચિત રહી શકે છે. ■

**અને છેલ્લે :** છેલ્લા પાંચ વર્ષમાં દેશની બેન્કોએ પરત નહીં આવી રહેલી (નોન પર્ફોમિંગ એસેટ કે એનપીએ) એવી ૧૦.૯ લાખ કરોડની લોન માંડવાળ કરી છે. રૂપિયા એકસોની માંડવાળ સામે માત્ર રૂપિયા ૧૩ની વસુલાત શક્ય બની છે.

- હેમંતકુમાર શાહ

# દેશહિત ભાજપનો ઇજારો નથી, શું બહુમતી ગુજરાતીઓ ગુજરાતનાં દેશદ્રોહીઓ છે ?

**હિટલર, મુસોલિની, કિમ-જોંગ-ઊન અને જિનપિંગ અને એમના જેવા સરમુખત્યારો આ જ ધંધો કરતાં રહ્યાં હતાં અને કરતાં રહ્યાં છે ! જુઓ, સમજો, ભાજપ અને તેના નેતાઓ બહુમતી ગુજરાતીઓને દેશદ્રોહી ગણે છે ! જાણે કે, દેશહિત કે દેશપ્રેમ એ એમનો કે એમના બાપનો ઇજારો હોય ! ભાજપ લોકશાહીનો અંત ઇચ્છે છે એમ કહી શકાય ?**

**ગુજરાતમાં** ચૂંટણી સમયે ભાજપ અને ભાજપના નેતાઓ મત માગવા આજકાલ એવી અપીલ મતદાતાઓને કરી રહ્યા હતા કે દેશહિત માટે ભાજપને મત આપો. આવી અપીલ દેશ માટે, બંધારણ માટે અને લોકશાહી માટે એક ભયંકર હાનિકારક છેતરપિંડી અને છળકપટ છે અને નાગરિકોએ તેનાથી ચેતવાની જરૂર છે. તેઓ અપીલ દ્વારા એમ કહેવા માગે છે કે, બાકીના નેતાઓ, ઉમેદવારો અને રાજકીય પક્ષો દેશહિત સિદ્ધ કરવા માગતા નથી. શું એ બધા ભારતનું નહીં તો બીજા કોઈ દેશનું હિત ઇચ્છે છે ? શું એ બધા ભારતીયો નથી ?



દરેક રાજકીય પક્ષને ચૂંટણી પંચ દ્વારા માન્યતા આપવામાં આવી હોય છે. એ જ રીતે, દરેક ઉમેદવારને પણ ચૂંટણી લડવા માન્યતા ચૂંટણી પંચ દ્વારા જ મળી ગઈ હોય છે. શું એ બધાને હૈયે દેશહિત નથી હોતું ? જો ભાજપ અને તેના નેતાઓની દેશહિત તેઓ જ કરે છે એવી દલીલ આગળ ધપાવીએ તો એમ દલીલ થઈ શકે કે તેના સિવાયના રાજકીય પક્ષો અને અપક્ષોને મત આપનારા બધા નાગરિકોના હૈયે પણ દેશહિત નથી વસતું અને એ બધા નાગરિકો પણ દેશદ્રોહીઓ છે, દેશનું અહિત કરનારા છે અથવા થવાના છે ! એટલે એનો અર્થ એવો થાય કે ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં ૫૦ ટકા કરતાં ઓછા મતદારોએ ભાજપને મત આપ્યા હતા અને તેથી બહુમતી ગુજરાતી નાગરિકો દેશદ્રોહીઓ છે !

વળી, ૨૦૧૯માં લોકસભાની ચૂંટણીમાં ૩૮ ટકા કરતાં ઓછા મતદારોએ ભાજપને મત આપ્યા હતા એટલે ૬૨ ટકા મતદારો દેશદ્રોહી છે અને એમના હૈયે દેશહિત છે જ નહીં ! પોતે જ દેશનું હિત જુએ છે અને બાકીના બધા દેશનું અહિત કરે છે અને દેશદ્રોહી છે એવું કહેનારા સૌથી મોટા દેશદ્રોહીઓ હોય છે, કારણ કે તેઓ સરમુખત્યાર જ હોય છે.

હિટલર, મુસોલિની, કિમ-જોંગ-ઊન અને જિનપિંગ અને એમના જેવા સરમુખત્યારો આ જ ધંધો કરતાં રહ્યાં હતા અને કરતાં રહ્યાં છે ! જુઓ, સમજો, ભાજપ અને તેના નેતાઓ બહુમતી ગુજરાતીઓને દેશદ્રોહી ગણે છે ! જાણે કે, દેશહિત કે દેશપ્રેમ એ એમનો કે એમના બાપનો ઈજારો હોય ! ભાજપ લોકશાહીનો અંત ઈચ્છે છે એમ કહી શકાય ? ■

# હિતેન્દ્રભાઈના પત્નીએ સરકાર બચાવી...

**પ્રતાપ શાહને એ રાખડી મળી અને તરત જ તેમણે ત્યાં જ કોંગ્રેસમાંથી પોતાનું રાજીનામું ખેંચવાની જાહેરાત કરી અને સગુણાબહેનને પસલી મળી. ૧૯૬૭ના ઓગસ્ટનો એ પ્રસંગ, અનોખું રક્ષાબંધન, હિતેન્દ્ર સરકારને શોભારૂપ, પાછળથી બીજા રાજીનામાં પણ પાછા ખેંચાયાં અને હિતેન્દ્ર સરકાર ટકી રહી**

**ગુજરાત** રાજ્ય બન્યા બાદ ત્રણ યુનિવર્સિટીનાં વિધેયકો પસાર થયાં જેનો યશ અનેકને ફાળે જાય છે. આયુર્વેદ યુનિવર્સિટી બિલ ૧૯૬૫માં પસાર થયું જેનો ખરો યશ બળવંતભાઈ અને આરોગ્ય પ્રધાન મોહનલાલ વ્યાસને છે. કૃષિ યુનિવર્સિટી પણ આ જ સમયમાં થઈ.

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આમ તો બળવંતભાઈના સમયમાં વિચારાઈ હતી, પણ તેના આખરી સ્વરૂપનો યશ હિતેન્દ્રભાઈને ગયો. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી માટે સુરત સર્વસંમત પસંદગીનું સ્થળ હતું એટલે સહજમાં અમલ થયો, પણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો જૂદો ઈતિહાસ છે.



સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંગે નિમાયેલ સમિતિએ જૂન-૧૯૬૪ના રોજ રિપોર્ટ આપ્યો જેમાં યુનિવર્સિટીના મથક તરીકે ભાવનગર શહેર પસંદ થયું. ગુજરાત સરકારે તે ભલામણનો સ્વીકાર કર્યો. ચૂંટણી બાદ ૯મી મે-૧૯૬૭ના સરકારે ભાવનગરના બદલે યુનિવર્સિટી માટે રાજકોટને પસંદ કર્યું. ભાવનગરની પ્રજામાં પ્રચંડ રોષ ફેલાયો. ટોળાંઓ ભાવનગરમાં ઘૂમ્યા ને સ્થાનિક ધારાસભ્યશ્રી પ્રતાપ શાહ પર કેરોસીન છાંટીને આત્મવિલોપન કરવા બળજબરી કરવા લાગ્યા, જાણે ફ્રાંસની ક્રાંતિ !

ગોળીબારમાં એક મૃત્યુ થયું, પ્રતાપ શાહ વગેરે ચાર કોંગ્રેસી ધારાસભ્યોએ કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું. વિધાનસભામાં માત્ર કોંગ્રેસ પક્ષમાં બેની બહુમતીથી હિતેન્દ્રભાઈની સરકારની ટકી રહી, પરંતુ તેમની કુનેહ અને માનવતાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો પ્રશ્ન સહુને પસંદ આવે એ રીતે ઉકેલ્યો.

હિતેન્દ્રભાઈ દેસાઈના કાર્યકાળનો એક વિરલ પ્રસંગ શ્રી કુંદનલાલ ધોળકિયા પોતાના પુસ્તક 'સમયને સથવારે ગુજરાત'માં નોંધે છે : હિતેન્દ્રભાઈનાં પત્ની સગુણાબહેન પોતે એક કાર્યકર્તાનો જીવ, યુવાવસ્થાથી જ ભાવનાશીલ.

ભાવનગરના ધારાસભ્ય પ્રતાપ શાહ તેમને બહેન માને, સગુણાબહેન તેમને ભાઈ માને. ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી બાબતે ભાવનગરને થયેલા અન્યાય બાબતનું આંદોલન પૂરજોશમાં હતું. હિતેન્દ્રભાઈ દેસાઈની સરકાર માત્ર બે સભ્યોની બહુમતના કાચા સૂતરના તાંતણે ટકી રહી હતી. એ અરસામાં શ્રાવણ માસનો વીરપસલીનો તહેવાર આવ્યો. હિતેન્દ્રભાઈને બંગલે અમદાવાદમાં દર વખતની માફક પ્રતાપ શાહ પહોંચ્યા.

આ વખતે સગુણાબહેને એમને કહ્યું કે, ''પ્રતાપ, તારે મને પસલી આપવી પડશે.'' જવાબમાં પ્રતાપ શાહે

કહ્યું, ''બહેન, પ્રથમ તમે મને રાખડી તો બાંધો પછી પસલી આપું'' સૌ સાનમાં સમજ્યા.

હિતેન્દ્રભાઈએ થોડી વાતચીત કરી અને પછી વચન આપ્યું કે ભાવનગરને રેસિડેન્શિયલ યુનિવર્સિટી આપવી. પ્રો. વાઈસ ચાન્સેલર ભાવનગર નીમે તેને સ્વાયત્તતા આપવી અને ભાવનગરને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું મથક ગણવું. રાજકોટ મુખ્ય મથક તરીકે ચાલુ રહે તેવી સમજૂતી સધાઈ.

પ્રતાપ શાહને એ રાખડી મળી અને તરત જ તેમણે ત્યાં જ કોંગ્રેસમાંથી પોતાનું રાજીનામું ખેંચવાની જાહેરાત કરી અને સગુણાબહેનને પસલી મળી. ૧૯૬૭ના ઓગસ્ટનો એ પ્રસંગ, અનોખું રક્ષાબંધન. હિતેન્દ્ર સરકારને શોભારૂપ, પાછળથી બીજા રાજીનામાં પણ પાછા ખેંચાયાં અને હિતેન્દ્ર સરકાર ટકી રહી. ■

# મુખ્યમંત્રી ઉછરંગભાઈ ઢેબરની સાદગી...

**ભારત** આઝાદ થયું તે બાદ ગુજરાતનું અલગ રાજ્ય બન્યું તે પહેલાં છ વર્ષ સૌરાષ્ટ્ર વિધાનસભા અસ્તિત્વમાં આવી અને ગૃહના નેતા તેમજ સૌરાષ્ટ્ર રાજ્યના પહેલા મુખ્યમંત્રી ઉછરંગભાઈ ઢેબર બન્યા. અત્યંત સાદગીપૂર્ણ જીવન અને વહીવટી કાર્યદક્ષતા ધરાવતા ઉછરંગભાઈ ઢેબર, 'ઢેબરભાઈ'ના લાડીલા નામે જાણીતા હતા.

વ્યવસાયે વકીલ એવા ઢેબરભાઈ ગાંધીજીના સંપર્કમાં આવ્યા બાદ વકીલાત છોડીને પૂર્ણકાલીન જાહેરજીવનમાં પ્રવેશ્યા. રજવાડાંઓનું એકત્રીકરણ કરીને સરદાર પટેલે આપણને અખંડ ભારત આપ્યું તેમાં સૌરાષ્ટ્રના ૨૨૨ રજવાડાંને પ્રેમથી સમજાવી સૌરાષ્ટ્ર રાજ્યના નેજા હેઠળ લાવવાનું કામ સરદાર સાહેબની સૂચના મુજબ ઢેબરભાઈએ કુનેહ અને કુશાગ્ર બુદ્ધિથી સુપેરે પાર પાડ્યું.




કોઈ મુખ્ય મંત્રીની વાત આવે ત્યારે નજર સામે વૈભવી બંગલો, મોંઘી ગાડીઓ, સુરક્ષા બંદોબસ્ત દેખાઈ આવે. ઠાઠમાઠ ન હોય તો એ મુખ્યમંત્રી પણ ન હોય એવી છબી આપણાં મગજમાં બની રહી છે. ઢેબરભાઈ આમાં અપવાદરૂપ હતા. તેઓ બે ઓરડાના મકાનમાં રહેતા હતા. બહાર એક સામાન્ય બાથરૂમ જેમાં નળ પણ નહીં, બહારથી ડોલ ભરીને પાણી લઈ જવાનું. ગાદલા પાથરેલા એ ઓરડામાં ઉછરંગભાઈ બેસે, એમના પ્રધાનો સાથેની ચર્ચાઓ પણ ત્યાં જ થાય અને બપોરે જમ્યા બાદ ત્યાં જ આડા પડી આરામ કરે.

આમ પ્રજાનું ડેલિગેશન અથવા કોઈ વ્યક્તિ મળવા આવે તો તેને મળવાનું પણ એ જ ખંડમાં. પબ્લિસિટી અને લાઈમલાઈટથી જોજનો દૂર અને પ્રજાકીય કાર્યોને માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ એવા ગાંધીવાદી, લોકપ્રિય અને કાર્યદક્ષ મુખ્યમંત્રી તરીકે જાણીતા હતા.

ઢેબરભાઈની રહેણીકરણી પણ અત્યંત સાદગીપૂર્ણ. ઢેબરભાઈનું રહેઠાણ એટલે રાજકોટના તે વખતના ડૉક્ટર કેશુભાઈનું જૂનું અને જર્જરિત સેનેટોરિયમ. તેમના સૂવાના ઓરડામાં પાટીનો ખાટલો હતો. વિધુર હોવાના કારણે ઢેબરભાઈ એકલા જ રહેતા હતા. કોઈ મુલાકાતી આવે તો તેને બેસવા માટે ઘરમાં સોફા કે ખુરશી પણ

નહોતા. સાદી શેતરંજી પાથરીને મહેમાનોને બેસાડવા પડતા હતા.

રોજ સવાર પડે એટલે મુખ્યમંત્રી ઢેબરભાઈની કચેરી શરૂ થાય. એમના પ્રાંગણમાં એક વૃક્ષ નીચે શેતરંજી પર બેસે, પાછળ એક નાનો તકિયો રાખે. તેમના મુલાકાતીઓ પ્રજાના વિશાળ વર્ગમાંથી કોઈ પણ હોઈ શકે. સિક્યોરિટી કે મુખ્યમંત્રીની ઓફિસનો કોઈ દોરદમામ નહીં. પોતે વ્યવસાયે વકીલ હતા એટલે કાયદા-કાનૂનનું અર્થઘટન કરવાની ગજબની હથરોટી તેઓને વરેલી હતી.

કોઈ પણ વ્યક્તિ કોઈ પણ પ્રશ્ન લઈને આવે તો એને ધ્યાનથી સાંભળે અને ત્યાં જ અધિકારીને નિયમ બતાવીને સૂચના આપે, ક્યારેક કોઈ પહેરણ કે બીજું કપડું માગવા આવી જતું તો તે પણ આપતા. ગણોતિયાધારાની નાબૂદી અને ખેડે તેની જમીનનું સૂત્ર આપનાર, સૌરાષ્ટ્રમાં ગીરાસદારો પાસેથી ખેડૂતને જમીન અપાવનાર ઢેબરભાઈની જિંદગીમાંથી આજના નેતાઓએ ઘણું શીખવા જેવું છે.

## સૌરાષ્ટ્ર રાજ્યના સરકારી કર્મચારીઓને પહેલો પગાર કોણે ચૂકવ્યો ?

ઢેબરભાઈ સૌરાષ્ટ્રના અલગ રાજ્યના મુખ્યમંત્રી બન્યા ત્યારે પહેલા જ મહિને કટોકટી આવી. મોટા ભાગના રજવાડાંઓએ રાજ્યો સોંપ્યા, પણ સિલક નહોતી સોંપી એટલે સૌરાષ્ટ્ર રાજ્યની તિજોરી ખાલીખમ હતી. ઢેબરભાઈ માટે મોટી મૂંઝવણનો પ્રશ્ન એ હતો કે મહિનો પૂરો થઈ ગયો હતો અને નવા મહિનાની શરૂઆતમાં તે રાજ્યના અમલદારો તેમજ કર્મચારીઓને ચૂકવવા માટે પગાર કરવા માટે રૂપિયા નહોતા.

સૌરાષ્ટ્રના અલગ રાજ્યની પહેલા જ મહિને પગાર નહીં કરવાની સ્થિતિ રાજ્ય માટે નામોશીનું મોટું કારણ બને એમ હતું. આ મૂંઝવણ ઢેબરભાઈને કોરી ખાતી હતી. આમાંથી બહાર નીકળવાના પ્રયાસરૂપે ઢેબરભાઈ પોરબંદર પહોંચ્યા અને સીધા જ નાનજી કાલીદાસ મહેતાના બંગલે જઈને એમની મોટર ઊભી રહી.

સૌરાષ્ટ્રના ઢેબરભાઈ જેવા મોટા ગજાના લોકનેતા અને મુખ્યમંત્રીને પોતાને આંગણે આવેલા જોઈ નાનજી શેઠને લાગ્યું કે ચોક્કસ કોઈ ગંભીર બાબત હશે, નહીંતર સવાર સવારમાં સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી રાજકોટથી પોરબંદરનો આંટો ખાય નહીં, એમણે ઢેબરભાઈને આવકાર્યા અને દીવાનખાનામાં દોરી ગયા. જલપાન પછી ઢેબરભાઈએ કહ્યું, ‘‘શેઠ, હું રાજ્યના એક ખૂબ જ અગત્યના કામ માટે આવ્યો છું. મને વિશ્વાસ છે, તમે મને નિરાશ નહીં કરો.’’ નાનજી શેઠે કહ્યું, ‘‘આપની ઈચ્છા હશે તે મુજબ વરતવાનો હું ચોક્કસપણે પ્રયત્ન કરીશ, પણ હાલ પૂરતી એ વાત ઊભી રાખો.’’

પહેલા નાસ્તો-પાણી કરાવ્યા પછી નાનજીભાઈએ પૂછ્યું, ‘‘બોલો શું કામ ચિંધવાનું છે મને ?’’ ઢેબરભાઈએ રાજ્યની તિજોરી ખાલીખમ હતી અને એ સ્થિતિમાં પગારો નહીં કરી શકાય તો સરકારની બદનામી થશે એ વાત માંડીને કહી. નાનજીશેઠ એમના ચહેરા તરફ જોઈ રહ્યા. એમણે પોતાના મુનિમને બોલાવ્યા અને કહ્યું કે, ‘‘મારા ખાતે ઉધારીને ઢેબરભાઈ કહે એ રકમનો ચેક લખી આપો.’’ નાનજીભાઈએ એ ચેક ઢેબરભાઈના હાથમાં મૂકતાં કહ્યું કે, ‘‘આપની માગણી મુજબની પૂરેપૂરી રકમનો ચેક હું આપને અર્પણ કરું છું. આ રકમ સૌરાષ્ટ્ર રાજ્યના માથે લોન તરીકે નહીં, પણ ગ્રાન્ટ તરીકે ગણવાની છે એટલે નવરચિત રાજ્યને લોન પરત ચૂકવવાની કોઈ ઝંઝટમાં પડવું પડશે નહીં.’’

ઉછરંગરાય ઢેબર, સૌરાષ્ટ્રની પ્રજાના એક અદના નેતા અને મોટાગજાના શ્રેષ્ઠી નાનજીભાઈ કાળીદાસ વચ્ચે ઘટેલી આ ઘટના એ જમાનામાં રાજનેતાઓનું કેટલું ઉપજતું હતું અને એમની છબી તથા ચારિત્ર્ય કેવું હતું તેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. નાનજીભાઈ જેવા શ્રેષ્ઠી મહાજને પળનો પણ વિલંબ કર્યા વગર આટલી મોટી રકમ આપી રાજ્યની આબરુ બચાવી લીધી. આપણું પ્રજાસત્તાક તંત્ર અને લોકશાહી આટલાં વર્ષોથી ટકી રહી છે તેના પાયામાં આવાં અનેક દાન અને બલિદાન રહ્યાં છે. ■ (સંદર્ભ : સૌરાષ્ટ્રના ઘડવૈયા ઢેબરભાઈ)

# બાહ્ય સુરક્ષા માટે આંતરિક સુમેળ-સંવાદિતા અનિવાર્ય : રઘુરામ રાજન

## ‘ભારત જોડો યાત્રા’ દરમિયાન કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને આરબીઆઈના પૂર્વ ગવર્નર રઘુરામ રાજને દેશની સળગતી સમસ્યાઓ પર મુક્ત મને ચર્ચા-વિચારણા કરી

**થોડા** દિવસ પૂર્વે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કેટલીક અગ્રણી હસ્તીઓને અંગત પત્ર લખીને તેમને ‘ભારત જોડો’ યાત્રામાં જોડાવા આમંત્રણ આપ્યું હતું. આ યાત્રા દેશને વિકલાંગ બનાવતી અસમાનતા, ક્રૂર સામાજિક ધ્રુવીકરણ અને હિંસક એકહથ્થુ સત્તાવાદ પ્રત્યે રાષ્ટ્રના અંતરાત્માને ઢંઢોળવા માટે છે એવું જણાવીને રાહુલ ગાંધીએ લખ્યું હતું કે- ‘‘અમે કોઈ પણને સાંભળીએ છીએ જેઓ સ્વયંને સંભળાવવા માગે છે. અમે કોઈ નિર્ણય કે અભિપ્રાય આપતા નથી અને પ્રત્યેક ભારતીયને તેમની લિંગ, જ્ઞાતિ કે ધર્મની પરવા કર્યા વગર જોડવા માગીએ છીએ કારણ કે- અમે જાણીએ છીએ કે તેઓ સમાન નાગરિકો છે. અમે નફરત અને ડર સામે લડવા પદયાત્રા કરી રહ્યાં છીએ.



રાહુલ ગાંધીએ આ પત્ર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના (આરબીઆઈ) પૂર્વ ગવર્નર રઘુરામ રાજનને પણ લખ્યો હતો અને તેમને આ પત્ર મળ્યા બાદ તેઓ ‘ભારત જોડો યાત્રા’માં રાજસ્થાનના સવાઈ માધોપુરના ભદોતિ વિસ્તારથી યાત્રા શરૂ થઈ ત્યારે જોડાયા હતા અને સવારે વિરામ માટે યાત્રા બાદશાહપુરા પહોંચી ત્યાં સુધી યાત્રામાં સામેલ રહ્યાં હતાં.

રાહુલ ગાંધીની રાહબરી હેઠળ ‘ભારત જોડો યાત્રા’ ૭, સપ્ટેમ્બરના રોજ કન્યાકુમારીથી શરૂ થઈ હતી. રાહુલ ગાંધીએ સ્મિત વદને પોતાની સાથે પદયાત્રા કરી રહેલા આરબીઆઈના પૂર્વ ગવર્નર રઘુરામ રાજનની તસ્વીર શેર કરીને ટ્વીટ કર્યું હતું કે- ‘‘સ્વતંત્રતાએ લોકશાહીનું હાર્દ છે અને સદ્‌ભાવના-એખલાસ સમૃદ્ધ અર્થતંત્રનો પાયો છે.’’

આ ટ્વીટ કર્યાના કલાકો બાદ રાહુલ ગાંધીએ રઘુરામ રાજન સાથેની પોતાની વાતચીત-વાર્તાલાપની વીડિયો ક્લિપ પણ અપલોડ કરી હતી, જેમાં રાહુલને રઘુરામ રાજન એવું કહેતા સાંભળવા મળ્યા હતા કે તેમની કોમી એખલાસ-સદ્‌ભાવના અને એકતા માટેની યાત્રા દેશ માટે આવશ્યક છે, પછી ભલે તમે કોઈ પણ રાજકીય પક્ષમાં હો.

આમ રાહુલ ગાંધીએ રાજસ્થાનમાં ‘ભારત જોડો યાત્રા’ દરમિયાન રઘુરામ રાજનનો ઈન્ટરવ્યૂ લીધો હતો. રઘુરામ રાજન સાથેની વાતચીતમાં રાહુલ ગાંધીએ આર્થિક સ્થિતિ, નાના ઉદ્યોગો સામેનાં પડકારો અને આર્થિક અસમાનતા જેવા મુદ્દાઓ પર પ્રશ્નો પૂછ્યા હતા. રાહુલ ગાંધીએ વર્તમાન અને ભાવિ આર્થિક મુદ્દાઓ પર રઘુરામ રાજન સાથે યાત્રા દરમિયાન

એક ખેતરમાં બનેલા મકાનની છત પર ઈન્ટરવ્યૂ લીધો હતો. રાહુલ ગાંધીએ રાજનને કહ્યું હતું કે- ''આજની દુનિયામાં સર્વત્ર નફરત ફેલાયેલી છે. યુક્રેનથી લઈને કેટલીય જગ્યાએ તમે જોશો તો નફરત પ્રવર્તે છે. ભારત તેમાં દુનિયાને દિશાસૂચન કરી શકે છે. ભારત મોટી ભૂમિકા ભજવી શકે છે.'' તેના પર રઘુરામ રાજને જણાવ્યું હતું કે- ''લોકતંત્ર એ આપણી તાકાત છે. અનેક દેશો આપણી તરફ જોઈ રહ્યા છે કે ઇન્ડિયા ઉદાહરણ પૂરું પાડી શકે છે.''

વીડિયો ક્લિપમાં રઘુરામ રાજન એવું કહેતા સાંભળવા મળે છે કે- ''બાહરી સુરક્ષા માટે આંતરિક સંવાદિતા, સુમેળ અને સુલેહ-શાંતિ આવશ્યક અને અનિવાર્ય છે. ઘણાં લોકો એવું કહે છે કે- આપણે આંતરિક રીતે લડી શકીએ છીએ, આપણે લઘુમતીઓને દબાવી શકીએ છીએ, આપણે તેને દબાવી શકીએ છીએ અને તેમ છતાં બહારની દુનિયામાં આપણે મજબૂત થઈશું, આ શક્ય નથી, એવું રઘુરામ રાજને ભારપૂર્વક જણાવીને ઉમેર્યું હતું કે- ''લોકશાહી એ આપણી તાકાત છે, પરંતુ જ્યારે ઘણાં દેશો ભારત તરફ જોઈ રહ્યા છે, ભારત શું કરે છે અને ભારત કેવું ઉદાહરણ પ્રસ્થાપિત કરી રહ્યું છે, ત્યારે આપણે એ વિચારવું પડશે કે આપણે શું કરી રહ્યા છીએ અને આપણે ક્યા માર્ગે જઈ રહ્યાં છીએ.''

રાહુલ ગાંધી અને રઘુરામ રાજને અર્થતંત્ર, વધતી જતી આવક-અસમાનતા, બેરોજગારીના પડકારો, લઘુ અને મધ્યમ કક્ષાના વેપાર-ધંધા-ઉદ્યોગો દ્વારા સામનો કરવામાં આવી રહેલી મુશ્કેલીઓ, નિકાસ-આયાત નીતિમાં રહેલી વિસંગતતાઓ અને કેટલાક ક્ષેત્રોની વિકાસ ક્ષમતા જેવા મહત્ત્વના મુદ્દાઓ પર મુક્ત મને ચર્ચા કરી હતી.

રઘુરામ રાજનના જણાવ્યા મુજબ આર્થિક રીતે ચાલુ વર્ષ કરતાં આગામી વર્ષ આર્થિક રીતે વધુ મુશ્કેલ હશે, કારણ કે- વિશ્વમાં ગ્રોથ ધીમો અને મંદ છે, બેંકો વ્યાજ દરો વધારી રહી છે, તેનાથી ગ્રોથ ધીમો પડે છે. ભારત તેનાથી ચોક્કસપણે પ્રભાવિત થશે. ભારતમાં વ્યાજ દરો ઊંચા ગયા છે, પરંતુ ભારતમાં નિકાસ થોડી ધીમી પડી છે અને ભારતમાં ફુગાવાની સમસ્યા એ ચીજવસ્તુના ફુગાવાની સમસ્યા છે, કોમોડિટીના અને શાકભાજીના ફુગાવાની સમસ્યા છે અને આ બધી બાબતો ગ્રોથ માટે નકારાત્મક પુરવાર થનાર છે. આથી જો આગામી વર્ષે આપણે પાંચ ટકા પણ ગ્રોથ હાંસલ કરીશું તો આપણે નસીબશાળી ગણાશું.''

ગ્રોથના આંકડાઓ સાથે સમસ્યા એ છે કે તમે ક્યા સંદર્ભમાં ગ્રોથને મૂલવી રહ્યા છો, માપન કરી રહ્યા છો તે સમજવાની જરૂર છે. ગઈસાલ ભયાનક ત્રિ-માસિક સમયગાળો હતો અને તમે તેની તુલનાએ જો ગ્રોથને મૂલવશો તો તમને ગુલાબી ચિત્ર જોવા મળશે. આદર્શ સ્થિતિ એ રહેશે કે તમે મહામારી સમયગાળાની પેલેપાર જઈને ગ્રોથનું મૂલ્યાંકન માપન કરો. જો તમે ૨૦૧૯ની તુલનાએ ૨૦૨૨ને મૂલવશો તો તે પ્રતિવર્ષ બે ટકા પર આવીને ઊભો રહેશે, જે આપણાં માટે ઘણો ઓછો છે, એવું રઘુરામ રાજને કહ્યું હતું.

રઘુરામ રાજન કહે છે કે- ''મહામારી પહેલાં પણ આપણો વિકાસ દર ઓછો હતો. મહામારી સમસ્યાનો એક ભાગ હતી, પરંતુ મહામારી પહેલાં પણ ભારત ગ્રોથની બાબતમાં ઘણું ધીમું પડી રહ્યું હતું. આપણે નવ ટકાથી પાંચ ટકા પર આવી ગયા હતા. વાસ્તવમાં આપણે એવા સુધારા કર્યા જ નથી કે ગ્રોથ જનરેટ કરે'' એવું કહીને રાજને ઉમેર્યું હતું કે- નિમ્ન મધ્યમ વર્ગોને નોકરીઓ ગૂમાવવાથી, વધતી જતી બેરોજગારી અને વ્યાજ દર વધારા જેવી સમસ્યાઓથી ફટકો પડ્યો હતો.

દેશમાં ચાર-પાંચ મૂડીપતિઓ સતત વધુ ને વધુ અમીર થતા ગયા છે, બે ભારત બની રહ્યાં છે. એક કિસાનો અને ગરીબોનું અને બીજું આ પાંચ-છ મૂડીપતિઓનું. આ વધતી જતી અસમાનતા અંગે શું કરવું જોઈએ એવું રાહુલ ગાંધીએ પૂછતા રાજને જણાવ્યું કે આ જ તો એક મોટી મુશ્કેલી છે. કોરોના કાળમાં વેપાર-કામ-ધંધા બંધ થતા ગરીબ અને અમીર વચ્ચે અસમાનતા ઘણી વધી ગઈ છે. એમાંય લોઅર-મિડલ ક્લાસને વધુ નુકસાન થયું છે. કોરોના કાળમાં ધનાઢ્ય વર્ગની સંપત્તિમાં વધારો થયો કારણ કે- તેઓ ઘરેથી કામ કરી શકતા હતા. જ્યારે ગરીબ લોકોને ફેક્ટરી પર જવું પડતું હતું. ફેક્ટરીઓ બંધ થતા તેમની માસિક આવક બંધ થઈ ગઈ અને તેનાથી આ સમસ્યા વધુ ગંભીર બની.

જો કે કેટલાંક ગણ્યાં-ગાંઠ્યા ઉદ્યોગપતિઓના હાથમાં સંપત્તિનું કેન્દ્રીકરણ અંગે રાહુલ ગાંધીના પ્રશ્નના ઉત્તરમાં રઘુરામ રાજને કહ્યું કે- ''આપણે મૂડીવાદ વિરુદ્ધ થઈ શકીએ નહીં, પરંતુ આપણે સ્પર્ધા માટે લડવું જોઇએ. આપણે ઈજારાશાહી સામે લડવું જોઇએ.

શું બીજી હરિત ક્રાંતિ આવી શકે છે કે કેમ ? એવા રાહુલ ગાંધીનાં પ્રશ્નનાં જવાબમાં રઘુરામ રાજને જણાવ્યું હતું કે- ''હરિત ક્રાંતિ ચોક્કસપણે આવી શકે છે. હવે આપણે નવી રીતે વિચારવું પડશે. પ્રોસેસિંગ પર ધ્યાન આપવું પડશે. અહીંના લેબરનો ઉપયોગ કરવો જોઇએ, જે સસ્તો છે. ખેતરોમાં પ્રોસેસિંગ યુનિટો ઊભા કરવા જોઇએ. તેનાથી ઊર્જા બચશે, વીજળી-ડીઝલની વપરાશ ઓછી થશે.

રાહુલ ગાંધીએ જ્યારે પૂછ્યું કે- અમેરિકા અને બાકીની દુનિયામાં શું થઈ રહ્યું છે ? ત્યારે રાજને કહ્યું, અમેરિકામાં મોંઘવારી વધી રહી છે. સેન્ટ્રલ બેંકો વ્યાજ દરો વધારી રહી છે તેનાથી ભારતની નિકાસ ઘટશે અને આપણાં ઉત્પાદનની ગતિ ધીમી પડી જશે.

રાહુલ ગાંધીએ રઘુરામ રાજનને કહ્યું કે, કિસાનોનું કહેવું છે કે જેવો તેમનો પાક તૈયાર થાય છે કે વાણિજ્ય મંત્રાલય તુરંત એક્સ્પોર્ટ-ઈમ્પોર્ટ પોલિસી પર નિર્ણય કરે છે અને તેમના પાકના ભાવ ગગડી જાય છે. તેના પર રઘુરામ રાજને કહ્યું કે- આ એક મોટી સમસ્યા છે. આપણે એવો દાવો કરીએ છીએ કે- અમે કિસાનોની પડખે છીએ, પરંતુ એક્સ્પોર્ટ-ઈમ્પોર્ટ પોલિસી તેમની પડખે નથી. ડુંગળીના ભાવ વધે છે, થોડીવારમાં ભાવ ગગડી જાય છે. બિચારા કિસાનોને નુકસાન થાય છે. વાસ્તવમાં ટકાઉ એક્સ્પોર્ટ-ઈમ્પોર્ટ નીતિ હોવી જોઇએ. જો ભાવ વધારે વધી જાય તો ઈમ્પોર્ટ કરી શકીએ છીએ, એક્સપોર્ટ પર રોક લગાવવી જોઇએ નહીં કારણ કે તેનાથી કિસાનોને નુકસાન થાય છે.

રાહુલ ગાંધીએ જ્યારે રઘુરામ રાજનને પૂછ્યું કે બેરોજગારીની સમસ્યા તીવ્ર છે, તેનું શું નિરાકરણ હોઈ શકે ? આ પ્રશ્નના ઉત્તરમાં રઘુરામ રાજને જણાવ્યું કે, લોકો સરકારી નોકરી ઈચ્છે છે, કારણ કે- ત્યાં જોબ સિક્યોરિટી છે, પરંતુ સરકારી નોકરીમાં બહું ઓછા લોકો કામ કરે છે.

સરકારી નોકરી 'ઓપન' કરે તો પણ માત્ર એક ટકાને જ રોજગારી મળી શકશે. આપણે પ્રાઈવેટ સેક્ટરને આગળ વધારવું પડશે. પ્રાઈવેટ સેક્ટર અને એગ્રીકલ્ચરમાં ટેકનીક લાવીએ તો રોજગારની નવી તકો ઊભી થશે. આપણે સર્વિસ સેક્ટર પર પણ ધ્યાન કેન્દ્રીત કરવું જોઇએ, ત્યાં પણ રોજગારનું સર્જન થઈ શકશે.

રાહુલ ગાંધીએ પૂછ્યું કે- પહેલાં શ્વેત ક્રાંતિ, હરિત ક્રાંતિ, કમ્પ્યૂટર ક્રાંતિ, હવે આગળ બીજી કઇ ક્રાંતિ આવી શકે ? ત્યારે તેના જવાબમાં રઘુરામ રાજને કહ્યું કે- ''આગળ સર્વિસ રેવોલ્યૂશન આવશે. હવે આપણે અમેરિકા ગયા વગર અમેરિકામાં કામ કરી શકીએ છીએ. ડૉક્ટરો ટેલી-મેડિસિન દ્વારા અહીં બેઠાં અમેરિકામાં દર્દીઓની સારવાર કરી શકે છે. હવે આપણે નવા પ્રકારની હરિત ક્રાંતિની જરૂર છે.- આપણે સોલર પ્લાન્ટ, ગ્રીન બિલ્ડિંગ જોઇશે આપણી પાસે અનેક તકો છે.

રાહુલ ગાંધીએ જ્યારે રઘુરામ રાજનને પૂછ્યું કે- શું, તમે 'ભારત જોડો યાત્રા' એન્જોય કરી રહ્યા છો ત્યારે તેમણે કહ્યું કે, ''બિલકુલ, એન્જોય કરી રહ્યો છું. તમે કોમી એખલાસ-સૌહાર્દ અને શાંતિ માટે યાત્રા કરી રહ્યા છો, જેની દેશને જરૂર છે અને ભારતને જોડવાનું છે. રાહુલે જ્યારે પૂછ્યું કે શાંતિ અને ભાઈચારાથી શું ફાયદો થાય છે ? રઘુરામ રાજને જવાબ આપ્યો કે આપે એક ભાષણમાં કહ્યું હતું કે બે ભાઈઓ વચ્ચેનાં સંઘર્ષથી ઘર બચી શકે નહીં. કેટલાંક લોકો એવી વાતો પણ કરે છે કે લઘુમતીઓને દબાવવા એ આંતરિક સંઘર્ષ છે. બાહરી સુરક્ષા માટે આંતરિક સંવાદિતા-સુમેળ અનિવાર્ય હોય છે.

રઘુરામ રાજન, જેમણે સપ્ટેમ્બર-૨૦૧૬માં આરબીઆઈમાંથી વિદાય લીધી હતી અને આ સાથે તેઓ ત્રણ દાયકામાં એક એવા બીજા આરબીઆઈ ગવર્નર બન્યા જેમણે પોતાનો પાંચ વર્ષનો કાર્યકાળ પૂરો કર્યો નહીં. એપ્રિલ-૨૦૨૦માં પણ કોરોના કાળ દરમિયાન રાહુલ ગાંધીએ રઘુરામ રાજનનો ઈન્ટરવ્યૂ લીધો હતો.

રઘુરામ રાજન, સ્ટેન્ડઅપ કોમેડિયન કુણાલ કામરા અને ગાયક ટી.એમ. કૃષ્ણા સહિત લગભગ ૧૦૦ જેટલી ટોચની હસ્તીઓને પત્ર લખીને રાહુલ ગાંધીએ 'ભારત જોડો યાત્રા'માં જોડાવા આમંત્રણો પાઠવ્યાં હતાં. ■


भारत माता की जै भारत माता की जै भारत..
अरे भई मैं तो बस रास्ता पूछना चाहता हूं


मालिक आधे चुनाव निकल गए, आपने रो के नहीं दिखाया!


घर-घर तिरंगा के साथ दस-दस किलो अनाज भी देते जाओ तो बहुत भला होगा साहेब
© काजलकुमार


महंगाई बहुत है
उधर जरा पाकिस्तान का हाल देखा ?


दलितों पर हमलों को लेकर मोदी ने चिंता जताई
देखना। अब गुस्सा कम हुआ?
दलित वोटबैंक


भारतीय
जलवा
पार्टी
ये नाम ज्यादा 'सूट' करेगा नइ!?
जनता
जुमला

લોન લેનાર ભ્રષ્ટ લોકો નિયમોની ઐસી તૈસી કરીને ઐય્યાશી કરે છે, વિદેશમાં જલસા કરે છે અને પછી એક દિવસ કાયમ માટે છૂ થઈ જાય છે

# ૧૦ લાખ કરોડની લોન માંડવાળ : લાખ ખાંડી લૂંટનારા...

ભારતમાં બેંકો વ્હાઈટ કોલર ક્રાઈમનો અડ્ડો બની જાય છે અને જેમની પાસે સત્તા છે એવા લોકો પ્રજાના પરસેવાની કમાણીથી ચાલતી બેંકોને લૂંટીને પોતાનાં ઘર ભરી રહ્યા છે. છેલ્લાં કેટલાંક વરસોમાં બેંકોને અબજોનો ચૂનો લગાડીને ભાગી જનારા કહેવાતા બિઝનેસમેન અને ઉદ્યોગપતિઓની વધતી સંખ્યા પરથી આ વાત આપણી નજર સામે જ હતી. હવે મોદી સરકારે સત્તાવાર રીતે તેની કબૂલાત કરી છે. છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાં દેશની બેંકોએ રૂપિયા ૧૦.૦૯ લાખ કરોડ રૂપિયાની લોન માંડી વાળી હોવાનું મોદી સરકારે સંસદમાં કબૂલ્યું છે.

કેન્દ્રનાં નાણાંમંત્રી નિર્મલા સીતારામને રાજ્યસભામાં આપેલા લેખિત જવાબમાં કબૂલ્યું કે, બેંકોએ છેલ્લાં પાંચ વર્ષમાં ચોક્કસ આંકડો કહીએ તો ૧૦,૦૯,૫૧૧ કરોડ રૂપિયાની લોનની રકમ વસૂલવાના બદલે માંડી વાળી છે.

નિર્મલાના દાવા પ્રમાણે આ ૧૦,૦૯,૫૧૧ કરોડ રૂપિયાની લોનના હપ્તા નહોતા ભરાતા કે મુદ્દલ પણ નહોતું આવતું તેથી રિઝર્વ બેંકના નિયમો અનુસાર જોગવાઈ કરીને તેમને નોન પરફોર્મિંગ એસેટ (એનપીએ) ગણીને બેંકોએ આ અબજોની રકમનું નાહી નાંખ્યું છે. આ રકમ હવે કદી મળવાની જ નથી એ માનીને માંડવાળ કરી દીધી છે.

સ્વાભાવિક રીતે જ જેમણે લોન માંડવાળ કરી તેમાં સરકારી બેંકો ટોચ પર છે. ૧૦ લાખ કરોડની લોન માંડી વાળનારી ટોચની ૫ બેંકોમાંથી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, પંજાબ નેશનલ બેંક, બેંક ઓફ બરોડા અને યુનિયન બેંક ઓફ ઈન્ડિયા એમ ૪ બેંક તો સરકારી છે. પાંચમા નંબરે આઈસીઆઈસીઆઈ બેંક છે પણ સરકારી બેંકોની સરખામણીમાં તેણે માંડવાળ કરેલી લોનની રકમ નાની છે. દેશની સૌથી મોટી સરકારી બેંક સ્ટેટ બેંકે તો ૨.૦૪ લાખ કરોડ માંડી વાળ્યા છે. બાકીની ત્રણ બેંકોએ ૫૪ હજાર કરોડ રૂપિયાથી ૬૭ હજાર કરોડ રૂપિયા સુધીની રકમ માંડી વાળી છે.

નિર્મલા સીતારામને એવી સફાઈ ઠોકી છે કે, બેંક લોનની માંડવાળ કરી દે તેના કારણે બેંકમાંથી લોન નહી ભરનારે રાજી થવા જેવું નથી કેમ કે તેના સરખી લોન નહીં ભરનારને કોઈ ફાયદો થતો નથી. લોનની રકમ પાછી આપવાની તેની જવાબદારી રહે જ છે ને કાનૂની પગલાં પણ લેવાય જ છે. બેંકો ડેટ રીકવરી ટ્રીબ્યુનલ, સિવિલ કેસ કે નાદારીના કાયદા હેઠળ લોન પાછી મેળવવાના પ્રયત્નો ચાલુ રાખે છે.

નિર્મલાના દાવા પ્રમાણે, છેલ્લાં પાંચ વર્ષમાં બેંકોએ આ રીતે કાનૂની પ્રક્રિયા કરીને રૂપિયા ૬.૬૦ લાખ કરોડની લોનની રકમ પાછી મેળવી છે. આ રકમમાંથી ૧.૩૨ લાખ કરોડ તો એવા હતા કે જેના નામનું બેંકે સાવ નાહી નાંખેલું એવી ડંફાસ પણ નિર્મલાએ મારી છે. આ રકમ સાવ માંડવાળ કરી દેવામાં આવેલી ને પાછી આવશે એવી આશા જ નહોતી. બેંકોએ માંડવાળ કરેલી લોનના પ્રમાણમાં આ રકમ માત્ર ૧૩ ટકા છે. સરકાર પાસે નાણાં વસૂલવા માટેનું તંત્ર છે, ઋણધારકના કેસ કરવા માટે એજન્સીઓ છે ને છતાં માત્ર ૧૩ ટકા વસૂલાત કરી શકાતી હોય તો તેમાં ખુશ થવા જેવું શું છે એ સમજાતું નથી.

નિર્મલાએ આપેલા આંકડા એ વાતનો પુરાવો છે કે, ભારતમાં બેંકોનો વહીવટ ભ્રષ્ટ લોકોના હાથમાં છે. આ ભ્રષ્ટ લોકો નિયમોની ઐસીતૈસી કરીને પોતાના ફાયદા માટે એવાં લોકોને બેંકોનાં નાણાં વાપરવા આપી દે છે કે જેમનો ઈરાદો પહેલેથી બેંકોનાં નાણાં પાછાં આપવાનો હોતો જ નથી. બેંકોનાં નાણાંથી એ લોકો અય્યાશીઓ કરે છે, વિદેશમાં જલસા કરે છે, વિદેશમાં રહેવા માટેની વ્યવસ્થા કરી દે છે ને પછી એક દિવસ છૂ થઈ જાય છે. વિજય માલ્યા, નિરવ મોદી, મેહુલ ચોકસી, સાંડેસરા બંધુઓ સહિતના બેંકોનું મોટા પાયે કરી નાંખનારા તમામ કરુબાજોની આ જ મોડસ ઓપરેન્ડી છે.

મોટા ભાગના કિસ્સામાં સરકાર બધું પતી જાય પછી જાગે છે ને ઘોડા છૂટ્યા પછી તબેલાને તાળાં મારવા નિકળે છે. કાનૂની કાર્યવાહીનાં નાટક થાય છે ને સરકારી પૈસા બગાડીને વરસો કાઢી નાંખવાનો ખેલ ચાલે છે. આ નાટકમાં પણ જે લોકો હાથમાં આવે તેમ નથી તેમને વિલન ચિતરી દેવાય છે. જે લોન માંડવાળ કરાય એ લોનની પ્રક્રિયા સાથે ઉપરથી નીચે સુધી સંકળાયેલા બધાંને પકડવા જોઈએ પણ તેના બદલે નબળા લોકોને પકડીને કાર્યવાહી કરવાનું નાટક થાય છે જ્યારે અસલી વિલનોને ભાગ્યે જ કંઈ થાય છે.

અસલી વિલનો નિયમોની ઐસીતૈસી કરનારા બેંકોના હોદેદારો કે અધિકારીઓ છે. આ અધિકારીઓને પોતાના મળતિયાઓને લોન આપવાનું ફરમાન કરનારા રાજકારણીઓ હોય છે પણ તેમને કશું થતું નથી. અધિકારીઓ કે બેંકોના સ્ટાફમાંથી તો થોડા ઘણા સામે પણ કેસ થાય છે પણ બેંકોના ડિરેક્ટર્સ કે રાજકારણીઓમાંથી કોઈની સામે કેસ થયાનું સાંભળ્યું ? નાની માછલીઓને પકડીને નાટક કરાય છે પણ મગરમચ્છોને કશું થતું નથી. બીજું એ કે, મોટા ભાગના કેસોમાં તો બેંકોનું કરી નાંખનારા લોકોને પણ છાવરવામાં આવે છે. સરકાર અને બેંકો પણ કેટલી રકમ માંડવાળ કરી તેની વિગતો આપે છે પણ જેમણે રકમ ચૂકવી નથી તેમનાં નામનો પ્રચાર કરતી નથી.

સામાન્ય માણસ હોમ લોન કે પર્સનલ લોનનો એક હપ્તો ચૂકી જાય તો બેંકનો સ્ટાફ ફોન કરી કરીને તેની પત્તર ખાંડી નાંખે. તેને માનસિક રીતે ત્રસ્ત કરી નાંખે. હવે હપ્તો નહીં ભરાય તો કેસ થઈ જશે, પેનલ્ટી લાગશે, મિલકતની જપ્તી કરવી પડશે એવી જાત જાતની ધમકી દાટીઓ આપીને જીવવું હરામ કરી નાંખે. પાંચ લોકોની હાજરીમાં તતડાવીને શરમજનક સ્થિતીમાં મૂકી દે જ્યારે આ મોટા કરુબાજો બેંકના પૈસા જલસા કરે છે એવું નજર સામે દેખાય છતાં કંઈ ના થાય. તેમનાં નામ જાહેર કરીને શરમમાં મૂકવાની હિંમત સુધ્ધાં બતાવતા નથી. કરસનદાસ માણેકે વરસો પહેલું લખેલું કે, દેવડીએ દંડ ખાય ચોર મુઠી જારના ને લાખો ખાંડી લૂંટનારા મહેફિલે મંડાય છે..........કંઈક એવી જ હાલત છે. ભારત માટે ૧૦ લાખ કરોડની રકમ બહુ મોટી છે. આ રકમમાંથી દેશની સંપૂર્ણ કાયાપલટ કરી શકાય. ભારતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં બહુ મોટો સુધારો કરી શકાય. લોકોના કલ્યાણ માટેની સેંકડો યોજનાઓ શરૂ કરી શકાય. હજારો સ્કૂલ-હોસ્પિટલો ખોલી શકાય ને લોકોને કેટલીય સવલતો આપી શકાય. બીજું ઘણું બધું એવું કરી શકાય કે જેની વાતો કરવા બેસીએ તો પાર જ ના આવે.

લોકોનાં જીવન સુખમય બનાવી શકાય એટલી જંગી રકમ ડૂબી જાય ને સરકારમાં બેઠેલા લોકોના પેટનું પાણી પણ નથી હાલતું એ શરમજનક કહેવાય. સંસદમાં સરકારી રાહે સવાલનો જવાબ આપીને કંઈ ના બન્યું હોય એ રીતે વાતનો વીંટો વાળી દેવાય છે એ એ જોઈને આઘાત લાગે છે.

> સામાન્ય માણસ હોમ લોન કે પર્સનલ લોનનો એક હપ્તો ચૂકી જાય તો બેંકનો સ્ટાફ ફોન કરી કરીને તેની પત્તર ખાંડી નાંખે. તેને માનસિક રીતે ત્રસ્ત કરી નાંખે. પાંચ લોકોની હાજરીમાં તતડાવીને શરમજનક સ્થિતીમાં મૂકી દે જ્યારે આ મોટા કરુબાજો બેંકના પૈસા જલસા કરે છે એવું નજર સામે દેખાય છતાં કંઈ નથી થતું.

ન્યુઝ ફોકસ

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૧૭-૧૨-૨૨)




## ૧૦ લાખ કરોડની લોન ડૂબી, માત્ર ૩૩૧૨ કર્મચારી સામે કેસ

નિર્મલા સીતારામને સંસદમાં માહિતી આપી છે કે, ડૂબી ગયેલી લોનના કિસ્સામાં સરકારી બેંકોના ૩૩૧૨ કર્મચારીઓ સામે છેલ્લા પાંચ વર્ષમાં વિવિધ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી છે. આ અધિકારીઓ આસિસ્ટન્ટ જનરલ મેનેજર કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવે છે.

કેન્દ્ર સરકારની માહિતી પ્રમાણે જે કેસોમાં પ્રાથમિક રીતે લોન આપવામાં કર્મચારી કે અધિકારીની ભૂલ હોય તેની સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવી રહી છે. અધિકારી કે કર્મચારીઓએ નીતિ વિષયક નિર્ણય લેવામાં ભૂલ કરી હોય કે ગ્રાહકની ખોટી રીતે તરફેણ કરી હોય તેવા લોકો સામે કાર્યવાહી કરાઈ છે.

બેંકોએ ભ્રષ્ટાચાર કરનારા કર્મચારી-અધિકારી સામે કાનૂની કાર્યવાહી કરી છે એ સારી વાત છે પણ ૧૦ લાખ કરોડની લોન માંડવાળ થાય ને માત્ર ૩૩૧૨ કર્મચારી સામે જ કેસ થાય એ હાસ્યાસ્પદ કહેવાય. વધારે હાસ્યાસ્પદ વાત એ કહેવાય કે બેંકોના ડિરેક્ટર્સ કે કોઈ મોટાં માથાંને કશું થતું નથી. સરકારે આપેલા આંકડા પ્રમાણે ૩૦૦ કરોડની લોનની માંડવાળ માટે એક કર્મચારી કે અધિકારીને બેંકોએ દોષિત માન્યો છે. કઈ બેંકમાં અધિકારી કે કર્મચારી પાસે ૩૦૦ કરોડની લોનની મંજૂરીની સત્તા હોય ? આ મંજૂરી ઉપરના લેવલથી આવી હોય તેથી તેમની સામે કેસ થવા જોઈએ.

---

દેશની અદાલતોમાં અધધ ૪.૮૨ કરોડ કેસ પેન્ડિંગ

# ગુજરાતની હાઈકોર્ટમાં ૧.૫૯ લાખ, જિલ્લા અદાલતોમાં ૧૮.૦૮ લાખ કેસો અનિર્ણિત

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૨૦-૧૨-૨૨)

૧૮મી સદીમાં બ્રિટિશ પ્રાઈમ મિનિસ્ટર વિલિયમ ગ્લેડસ્ટોન અને સંભવતઃ બીજાઓએ પણ ઉચ્ચારેલું વાક્ય 'જસ્ટીસ ડિલેઈડ, જસ્ટીસ ડિનાઈડ' કદાચ કેસોના ભરાવાના વર્ષો જુના પ્રશ્નોથી પ્રચલિત થયું છે. લોકસભામાં તાજેતરમાં સરકારે આપેલા એક પ્રશ્નના ઉત્તરમાં દેશના સુપ્રીમકોર્ટમાં ૬૯,૭૮૧, હાઈકોર્ટોમાં ૫૩,૫૧,૨૮૪ અને જિલ્લા અદાલતોમાં ૪,૨૮,૨૬,૭૭૭ સહિત સહિતની કોર્ટોમાં કૂલ અધધધ ૪.૮૨ કરોડ કેસ પેન્ડીંગ છે. જેમાં ગુજરાત હાઈકોર્ટમાં ૧.૫૯ લાખ અને જિલ્લા કોર્ટોમાં ૧૮.૦૮ લાખ સહિત આશરે ૧૯.૬૮ લાખ કોર્ટ કેસો નિર્ણયની રાહ જોઈ રહ્યા છે.

લોકસભામાં બે દિવસ પહેલા આ જવાબ અપાયો તે પહેલા તા. ૨૨-૭-૨૦૨૨ના એક ઉત્તરમાં જણાવાયું હતું કે ત્યારની સ્થિતિએ ગુજરાત હાઈકોર્ટમાં ૧૮,૭૩૦ સહિત દેશમાં ૧૩.૩૩ લાખ કેસો એવા છે જે ૧૦ વર્ષ કરતા વધુ સમયથી પેન્ડીંગ છે. તો ગુજરાતની જિલ્લા કોર્ટમાં ૧.૪૫ લાખ સહિત દેશમાં ૩૫.૮૧ લાખ કેસો ૨૨ જૂલાઈની સ્થિતિએ ૧૦ વર્ષ પહેલાથી પેન્ડીંગ છે.

દેશની હાઈકોર્ટોમાં પેન્ડીંગ કેસોમાં ઈ.સ.૨૦૧૫માં ૬.૪૯ ટકાનો ઘટાડો થયાબાદ ઈ.સ.૨૦૨૨ સુધી સતત વધારો થતો રહ્યો છે. જેમ કે ૨૦૧૬થી ૨૦૧૯ સુધીના ચાર વર્ષમાં વર્ષે ૩.૯૭ ટકા, ૫.૩૭ ટકા, ૪.૮૧ ટકા અને ૫.૨૯ ટકાનો વધારો થયો હતો. પરંતુ, ઈ.સ.૨૦૨૦ના આરંભે કોરોના કાળ શરુ થયો ત્યારબાદ આ પેન્ડીંગ કેસો વધ્યા છે, ઈ.સ.૨૦૨૦માં ૨૦૧૯ કરતા ૬.૦૩ ટકાનો અને ઈ.સ.૨૦૨૧માં અગાઉના વર્ષથી સર્વાધિક ૯.૮૯ ટકાનો વધારો થયો હતો. જો કે ચાલુ વર્ષે માત્ર ૦.૮૨ ટકાનો વધારો થયો છે.

દેશની જિલ્લા અદાલતોમાં પેન્ડીંગ કેસનો સર્વાધિક વધારો કોરોના વર્ષ ૨૦૨૦માં ૧૫.૪૫ ટકા અને ઈ.સ.૨૦૨૧માં ૧૦.૧૧ ટકા થયો હતો. જો કે, અદાલતોમાં ન્યાયધીશોએ લાખો કેસોનો નિકાલ પણ કર્યો છે. ગુજરાતમાં ગત ૮ વર્ષમાં ૨૦૧૫માં સર્વાધિક ૮૨,૩૬૭ કેસોનો અને સૌથી ઓછા ચાલુ વર્ષે હજુ સુધી ૨૪૩૨૯ કેસોનો નિકાલ કરાયો છે.

જિલ્લા કોર્ટોમાં ચાલુ વર્ષે હજુ સુધી ૩.૫૦ લાખ કેસોનો પણ અગાઉના વર્ષોમાં વર્ષે ૧૧થી ૧૪ લાખ સુધીના કેસોનો નિકાલ કરાયો છે.

પેન્ડીંગ કેસોનો ભરાવો શા માટે છે? સરકારે ન્યાયિક અધિકારીઓ, કર્મચારીની સંખ્યા, ભૌતિક અવસંરચના, તથ્યોની જટિલતા, સાક્ષીની પ્રકૃતિ, બાર વગેરેની ભુમિકા, કાનુની પ્રક્રિયાનો ઝીણવટભર્યો ઉપયોગ વગેરે સાથે એક કારણ એ પણ સ્વીકાર્યું છે કે ન્યાયધીશોની જગ્યા ખાલી છે.

ગુજરાત હાઈકોર્ટમાં ન્યાયમૂર્તિઓની મંજુર ૫૨ (બાવન) જગ્યા પૈકી તા.૧-૧-૧૯ અને તા.૧-૧-૨૦૨૦ની સ્થિતિએ ૨૫ જગ્યા ખાલી હતી. તા.૧-૧-૨૧ના આ ખાલી જગ્યા ઘટીને ૨૩ થઈ હતી, તા.૧૪-૭-૨૨ના ૨૪ થઈ છે. દેશમાં ગત ૧૪ જૂલાઈની સ્થિતિએ હાઈકોર્ટોમાં ન્યાયમૂર્તિઓની ૧૧૦૮ જગ્યામાં ૩૮૬ જગ્યા ખાલી હતી. જ્યારે વાસ્તવમાં કેસો, વસ્તીના વધારા સાથે જગ્યા વધારવાની જરૂર છે પરંતુ, મંજુર જગ્યામાં જ ૪૦ ટકાથી વધુ જગ્યા ખાલી હોય છે.

આ પેન્ડીંગ કેસોના ભરાવાની સમસ્યામાં ફરિયાદી, સામેવાળા, વકીલો, ન્યાયિક કર્મચારીઓ, તપાસનીશો, સાક્ષીઓ, સરકાર વગેરે તમામનો સહયોગ, સાથ મળે તો જ કેસો ઝડપથી નિકાલ થઈ શકે છે.

> તારીખ પે તારીખની સ્થિતિ દૂર કરવા કેસ સાથે સંલગ્ન સૌનો સાથ મળે તો સૌના કેસોનો નિવેડો ઝડપી આવે

## કોરોના કાળમાં પેન્ડિંગ કેસોમાં સૌથી વધુ વધારોઃ ન્યાયધીશોની ખાલી જગ્યા, વકીલો-સાક્ષી-ન્યાયિક કર્મીઓનો અભિગમ સહિતના કારણો

---

બે વર્ષથી બંધ સી-પ્લેન ફરી શરૂ કરવાની તૈયારી

# રાજ્ય સરકાર ઓછા વ્યાજની લોન લઈને સી-પ્લેન ચલાવશે

સૌજન્ય : દિવ્ય ભાસ્કર (તા.૨૧-૧૨-૨૨)

**ભાસ્કર એક્સક્લુઝિવ**

■ સ્ટેટ એવિયેશનના 280 કરોડના બજેટમાંથી પૈસા નહીં વપરાય

ભાવિન પટેલ | અમદાવાદ

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટથી કેવડિયાના સ્ટેચ્યુ ઓફ યુનિટી વચ્ચે સી પ્લેન સર્વિસ ઓક્ટોબર 2020માં શરૂ કરાઈ હતી, જેનો ફક્ત 2000 મુસાફરોએ લાભ લીધો હતો. સી પ્લેન વર્ષ 2021થી બંધ છે. છેલ્લા એક વર્ષ અને આઠ મહિના નિષ્ક્રિય રહ્યા પછી હવે રાજ્ય સરકારે પહેલીવાર સી પ્લેનના સમગ્ર પ્રોજેક્ટ પર બેન્કો પાસેથી લીઝ ફાયનાન્સ લેવાનું નક્કી કર્યું છે. તે અંતર્ગત ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિ. (ગુજસેલ) દ્વારા ટેન્ડર બહાર પડાયું છે. આમ સરકારે સ્ટેટ એવિએશનના રૂ. 280 કરોડમાંથી એક પાઈ પણ નહીં ખર્ચવાનું નક્કી કર્યું છે. સૂત્રોના જણાવ્યાનુસાર, છેલ્લા ત્રણ વર્ષથી સ્ટેટ એવિએશનનું બજેટ સતત ઘટી રહ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મહત્વાકાંક્ષી સી પ્લેન પ્રોજેક્ટનો ફરી ફિયાસ્કો ન થાય તેની તકેદારીના ભાગરૂપે રાજ્ય સરકારે ન્યૂ બ્રાન્ડ સી પ્લેન ખરીદવામાં રસ લીધો છે. તે અંતર્ગત કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે એમઓયુ થયા છે, જેમાં સી પ્લેનથી લાવવાની માંડીને સમગ્ર પ્રોજેક્ટ રન કરવા કેટલો ખર્ચ થશે તેની પ્રપોઝલ પણ તૈયાર કરાઈ છે. આ તમામ પૈસા સ્ટેટ ...અનુસંધાન પાના નં. ૬

## આખરે ગુજરાત સરકારે સી પ્લેન પ્રોજેક્ટ ઓપરેટ કરવાનું કેમ નક્કી કર્યું?



સી પ્લેન સેવા ચલાવવા સ્ટેટ એવિએશન વિભાગે ટેન્ડર બહાર પાડ્યા હતા.. તેમાં સરકારે જે તે ઓપરેટરને સ્ટેટ વીજીએફ આપવાનું નક્કી કર્યું હતું. આ દરમિયાન ત્રણ કંપનીએ રસ દાખવ્યો હતો, પરંતુ ઊંચા ખર્ચના કારણે ઓપરેટરો પ્રોજેક્ટમાં રસ નહોતા દાખવતા. આ સર્વિસ ચલાવવા કોઈ એજન્સી ન મળતા આખરે રાજ્ય સરકારે સી પ્લેન ખરીદી પોતે જ સંચાલન કરવાનું નક્કી કર્યું છે.

### અગાઉ ઓપરેટિંગ પેટે કરોડો ચૂકવાયા હતા

ગુજરાતમાં પહેલીવાર સી પ્લેનસેવા શરૂ કરવા સરકારે સ્પાઈસ જેટ સંચાલિત પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. સ્પાઈસ જેટ માલદીવથી 50 વર્ષ જૂનું ટ્વિન ઓટર-200 એરક્રાફ્ટ લીઝ પર લીધું હતું. આ દરમિયાન તેને મેઈન્ટેન્સ માટે વારંવાર માલદીવ મોકલવું પડતું હતું. તેથી ઓપરેટિંગ કોસ્ટ મોંઘી પડતી અને તેના કારણે સ્પાઈસજેટને કરોડો ચૂકવ્યા છતાં સી પ્લેન સેવા પાણીમાં બેસી ગઈ હતી.

### સરકારે ખાનગી કંપનીઓનું મોડલ અપનાવ્યું

તાતા એરઈન્ડિયા હસ્તક થયા બાદ મોટી સંખ્યામાં નવા વિમાનોના ઓર્ડર અપાયા છે, આ ઉપરાંત ઈન્ડિગોએ પણ તેમના બોઈંગ વિમાનો પર બેન્કો પાસેથી કરોડોનું લીઝ ફાયનાન્સ લીધું છે. હવે રાજ્ય સરકારે આજ મોડલ સી પ્લેન ખરીદી કરવામાં અપનાવ્યું છે.

## ગુજરાતમાં નવા શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પહેલાં તમામ

# પ્રાથમિક શાળાઓમાં ફરજિયાતપણે ગુજરાતી ભાષા ભણાવાય તેમ કરો

અમદાવાદ,શુક્રવાર

રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષાનો ફરજિયાતપણે અમલ કરાવવા દાદ માંગતી જાહેરહિતની રિટ અરજીમાં આજે રાજ્ય સરકારે સોંગદનામું રજૂ કરી જણાવ્યું હતું કે, રાજ્યમાં ૪૪૬૦ જેટલી શાળાઓમાં ગુજરાતી ભાષા ફરજિયાત ભણાવાય છે. જો કે, અરજદારપક્ષે સામે ૮૯ જેટલી પ્રાથમિક શાળાઓની યાદી હાઈકોર્ટના રેકર્ડ પર રજૂ કરી હતી કે, જેમાં ગુજરાતી ભાષા ફરજિયાતપણે ભણાવવામાં આવતી નથી.દરમ્યાન હાઈકોર્ટે સાફ શબ્દોમાં જણાવ્યું હતું કે, નવા શૈક્ષણિક સત્ર પહેલાં તમામ પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષા ફરજિયાપણે ભણાવવામાં આવે તે દિશામાં પગલાં લો. માર્ચ મહિના સુધીમાં સરકાર તેની નીતિનો

### તમામ ૪૯ કેન્દ્રીય વિદ્યાલયમાં પણ ગુજરાતી ભણાવાતું નથી

અરજદારપક્ષે હાઈકોર્ટનું ધ્યાન દોર્યું કે, આઈબી બોર્ડની રાજ્યમાં આવેલી સાત શાળાઓ પૈકી એકેય શાળામાં ગુજરાતી ભણાવાતુ નથી. આઈસીએસસીની ૫૯ શાળાઓમાંથી ૩૯ શાળાઓમાં ગુજરાતી ભાષા નથી ભણાવાતી. રાજ્યમાં આવેલ તમામ ૪૯ કેન્દ્રીય વિદ્યાલયમાં તો ગુજરાતી ભાષા બિલકુલ ભણાવાતી નથી. આમ, આ તમામ મળી કુલ ૧૦૯ શાળાઓમાંથી ૮૯ શાળાઓમાં ગુજરાતી ભાષા ભણાવવામાં આવતી જ નથી. હાઈકોર્ટે આ વાતની ગંભીર નોંધ લીધી હતી. અરજદારે રાજ્યની શાળાઓમાં ક્લાસરૂમ અને વિદ્યાર્થીઓના રેશ્યો પ્રમાણે ગુજરાતી ભાષાનું શિક્ષણ આપવાના મુદ્દાની અમલવારી પણ એટલી જ જરૂરી હોવા બાબતે પણ કોર્ટનું ધ્યાન દોર્યું હતું.

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૨૪-૧૨-૨૨)

## ગુજરાતી ભાષા મુદ્દે થયેલી PILમાં હાઈકોર્ટની સ્પષ્ટ તાકીદ : સરકાર દ્વારા જવાબી સોંગદનામું રજૂ કરાયું

## ઓરીથી સૌથી વધુ મૃત્યુમાં ગુજરાત બીજા સ્થાને

# ઓરીનો આતંક : છેલ્લા એક મહિનામાં ૧૬૫૦ કેસ, ૯નાં મોત

અમદાવાદ, મંગળવાર

ગુજરાતમાં છેલ્લા બે મહિનાથી બાળકોમાં ઓરીના કેસમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને નવેમ્બરમાં ઓરીના કેસમાં વધારો જોવા મળ્યો હતો. ગુજરાતમાં નવેમ્બર માસ દરમિયાન ૧૬૫૦ બાળકોને ઓરી થયા છે જ્યારે ૯ બાળકોના તેનાથી મૃત્યુ થયા છે. નવેમ્બરમાં ઓરીથી સૌથી વધુ બાળકોના મૃત્યુ થયા હોય તેવા રાજ્યોમાં મહારાષ્ટ્ર બાદ ગુજરાત બીજા સ્થાને છે.

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૨૧-૧૨-૨૨)

## કોરોના દરમિયાન રસી મૂકવાનું બંધ કર્યુ હોવાથી વાયરલ ચેપ ઓરીના કેસમાં ચિંતાજનક વધારો થયાની સંભાવના

લોકસભાના શિયાળુ સત્રમાં સરકાર દ્વારા સ્વિકારવામાં આવ્યું છે કે નવેમ્બરમાં બાળકોમાં ઓરીના કેસમાં વધારો થયો છે. સમગ્ર દેશમાંથી નવેમ્બરમાં ૧૦૪૧૬ બાળકોને ઓરી થયા હતા અને ૪૦ બાળકોએ જીવ ગુમાવ્યો છે. જેમાં મહારાષ્ટ્રમાંથી સૌથી વધુ ૩૦૭૫ કેસ-૧૩ મૃત્યુ થયા છે. ઓરીના સૌથી વધુ કેસમાં ઝારખંડ બીજા અને ગુજરાત ત્રીજા સ્થાને છે. અમદાવાદના દવાખાનાઓ ઓરીના દર્દીઓથી ઉભરાઈ રહ્યાં છે. બાળકો સૌથી વધી આ રોગની ઝપેટમાં આવી રહ્યાં છે. આ સ્થિતિમાં તંત્ર દ્વારા ખાસ એક્શન પ્લાન પણ ઘડી કાઢવામાં આવ્યો છે. જે અંતર્ગત ઓરીના કેસો વધતા અમદાવાદમાં છેલ્લાં ૨૦ દિવસમાં ૭૦હજાર બાળકોને રસી આપવામાં આવી હતી.

અમદાવાદમાં ઓરીના કેસમાં વધારો થતા મ્યુનિસિપલ હેલ્થ વિભાગ તરફથી સઘન સર્વેલન્સ અને વેક્સિનેશનની કામગીરી શરૂ કરાઈ છે.આ વર્ષે અત્યાર સુધીમા ઓરીના ૪૭૭ કેસ નોંધાયાછે.૯૦ હજાર બાળકોને ઓરી સામે રક્ષિત કરવા વેક્સિનનો બુસ્ટર ડોઝ આપવામા આવ્યો છે.આમ છતાં શહેરના વિવિધ વિસ્તારમાંથી દરરોજ દસ શંકાસ્પદ કેસ મળી રહ્યા છે.

નવ મહિનાથી પાંચ વર્ષ સુધીની વયના બાળકોમા ઓરીના રોગના લક્ષણ જોવા મળી રહયા છે.સતત વધી રહેલા કેસને પગલે થોડા સમય પહેલા કેન્દ્રના આરોગ્ય વિભાગની ટીમ પણ મુલાકાતે આવી હતી.કેન્દ્રના આરોગ્ય વિભાગની ટીમ દ્વારા આપવામા આવેલા સુચન મુજબ શહેરમા કરવામા આવેલા સર્વે દરમિયાન વીસ જેટલા પોકેટમા ઓરીના કેસનુ પ્રમાણ વધુ જોવા મળતા હોટ સ્પોટ જાહેર કરવામા આવ્યા હતા.

જાણકારોના મતે , કોરોનાને કારણે અન્ય રસીકરણ ઝુંબેશ બંધ થઇ ગઇ હતી. જેમાં ઓરીની રસીનો પણ સમાવેશ થાય છે, જેના કારણે ઓરીના કેસમાં વધારો થયો હોવાનું મનાય છે.

### ઓરી એક વાયરલ ચેપ

તબીબોના મતે ઓરી એક વાયરલ ચેપ છે. આ રોગ વાયરસથી થાય છે અને ચેપગ્રસ્ત બાળકથી અન્ય બાળકોમાં ઝડપથી ફેલાય છે. તેનાથી ચેપ લાગ્યા બાદ ૭ થી ૧૪ દિવસમાં લક્ષણો દેખાવા લાગે છે. નાના બાળકો જ નહીં રોગ પ્રતિકારક શક્તિ ઓછી હોય તેવી પુખ્ત વયની વ્યક્તિને પણ ઓરી થાય છે. ટીબી કે એલર્જીની સમસ્યા ધરાવતા દર્દીએ ખાસ તકેદારી રાખવી જોઈએ. તાવ આવતો હોય કે ઓરીના લક્ષણ જણાય તેવા બાળકોને સ્કૂલ કે અન્ય બાળક સાથે રમવા મોકલવા જોઈએ નહીં.

### ઓરીના લક્ષણો

સખત તાવ, ત્વચા પર લાલ ફોલ્લીઓ, વધારે ઉધરસ, સ્નાયુમાં દુઃખાવો, સૂકું ગળું, આંખે ઝાંખું દેખાવવું.



### કયા રાજ્યમાં ઓરીના વધુ કેસ-મૃત્યુ ?

| રાજ્ય | કેસ | મૃત્યુ |
|---|---|---|
| મહારાષ્ટ્ર | ૩૦૭૫ | ૧૩ |
| ઝારખંડ | ૨૬૮૩ | ૦૮ |
| ગુજરાત | ૧૬૫૦ | ૦૯ |
| હરિયાણા | ૧૫૩૭ | ૦૩ |
| બિહાર | ૧૨૭૬ | ૦૭ |

## પાપડ થયો કડક : મુખ્યમંત્રીને પ્રેઝન્ટેશન આપી પાપડ પર GST હટાવવા કૈટની રજૂઆત

# પાપડ-ભૂંગળા પર 18% જીએસટી, હવે કિલોદીઠ 50 રૂપિયા વધારે ચૂકવવા પડશે

## દક્ષિણ ગુજરાતમાં વર્ષે 30 લાખ કિલો પાપડનો વેપાર, લોકોના માથે 15.12 કરોડનો બોજો

સૌજન્ય : સંદેશ (તા.૨૧-૧૨-૨૨)

હવે પાપડ અને રંગીન ભૂંગળા પર પણ 18 ટકા GST લાગશે. તાજેતરમાં મળેલી 48મી GST કાઉન્સિલમાં પાપડ અને ફ્રાયમ્સ પર આ અંગે ક્લેરિફિકેશન અપાયું છે. ઓલ ઈન્ડિયા પાપડ મેન્યુફેક્ચરિંગ એસોસિએશને વિરોધ કરીને પીએમને પત્ર લખ્યો છે. કૈટ (કોન્ફડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ એસોસિએશન)ના જણાવ્યા પ્રમાણે દક્ષિણ ગુજરાતમાં વર્ષે 30 લાખ કિલોથી વધારે પાપડ-ભૂંગળાનું ઉત્પાદન થાય છે. અહીં સરેરાશ એક પરિવારમાં 500 ગ્રામ પાપડનો ઉપયોગ થાય છે. જેથી લોકોને 280 રૂપિયે કિલો લેખે 50 રૂપિયા વધારે ચૂકવવા પડશે.

ઓલ ઈન્ડિયા પાપડ મેન્યુફેક્ચરિંગ એસોસિએશને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાણામંત્રી કનુ દેસાઈ અને GST કમિશનર મિલિન્દ તોરવણેને પ્રેઝન્ટેશન આપીને રજૂઆત કરી છે. 2017માં GST આવ્યા બાદ રાજ્ય સરકારે 2011માં એડિશનલ ઓથોરિટી દ્વારા ઝીરો ટકા ટેક્સ કરાયો હતો. 2011માં એડવાન્સ રૂલિંગ ઓથોરિટીએ પણ પાપડ પર ઝીરો ટકા નક્કી કર્યા હતો. પરંતુ હવે કાઉન્સિલે પાપડ પ્રોડક્ટને 18 ટકા દરનું ક્લેરિફિકેશન આપવામાં આવ્યું હતું. જેને લઈને ઓલ ઈન્ડિયા પાપડ મેન્યુફેક્ચરિંગ એસોસિએશન દ્વારા ગુજરાતના સી.એમને રજૂઆત કરી પાપડ પર GST ફરી ઝીરો કરવા માટે રજૂઆત કરી હતી.

### કિલોના ભાવ આ પ્રમાણે રહેશે

| વિગત | હાલભાવ | GST પછી |
|---|---|---|
| • અડદના પાપડ | 260 | 330 |
| • ચોખાની પાપડી | 170 | 200 |

નોંધ : પાપડની ક્વોલિટી મુજબ ભાવમાં ફેર હોઈ શકે.

### આવી રીતે સમજો પાપડ પરનું ભારણ

શહેરમાં વર્ષે 30 લાખ કિલોના પાપડ અને ભૂંગળાનું વેચાણ થાય છે. વર્ષે લોકો 84 કરોડના પાપડ ખાઈ જાય છે, હવે તેની પર 18 ટકા GST લાગતા 15.12 કરોડ રૂપિયા વધુ ચૂકવવા પડશે. તેવી જ રીતે એક પરિવાર વર્ષે સરેરાશ 6 કિલો પાપડ ઝાપટે છે તો વર્ષે આવા પરિવારના માથે રૂ. 300થી વધુનું ભારણ આવશે.

• 4 હજારથી વધારે મહિલાઓ પાપડના બિઝનેસમાં: સુરત સહિત દક્ષિણ ગુજરાતની મહિલાઓ પાપડનો બિઝનેસ કરે છે. ખાસ કરીને પાપડનું ઉત્પાદન ગૃહ ઉદ્યોગમાં થતું હોય છે. સુરતમાં 4 હજારથી વધારે મહિલાઓ પાપડ ઉત્પાદનના બિઝનેસ સાથે જોડાયેલી છે.

### હવે પાપડ પર પણ જીએસટી લાગુ થવો અયોગ્ય

પાપડ પર અત્યાર સુધી GST અમલમાં ન હતો, પરંતુ 48મી GST કાઉન્સિલમાં પાપડ પર 18 ટકા GST અમલમાં મુકવામાં આવ્યો છે. પાપડ પર GST અયોગ્ય છે એટલા માટે અમે મુખ્યમંત્રીને આ અંગે રજૂઆત કરી છે. -પ્રમોદ ભગત, પ્રમુખ, કૈટ-ગુજરાત ચેપ્ટર

## પાંચ વર્ષ પૂરા કરેલા ૧૦૦% બાળકોના સ્કૂલ પ્રવેશનો સરકારનો જ દાવો છે

# ધો.૧ માં પ્રવેશ માટે છ વર્ષ ફરજિયાત પણ બાળકો જ ન મળે તેવી હાલત

## ગયા વર્ષે જેમણે પાંચ વર્ષ પૂરા કરેલા તે બાળકો ચાલુ વર્ષે ધો.૧માં ભણી જ રહ્યાં છે

| અમદાવાદ |

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ૨૦૨૩-૨૪ના શૈક્ષણિક વર્ષમાં ધોરણ.૧માં પ્રવેશ લેનાર બાળકની વય મર્યાદા ૬ વર્ષની નક્કી કરવામાં આવી છે. શિક્ષણ વિભાગનો આ નિર્ણય ગુજરાતના વિદ્યાર્થીઓ માટે ઘણો સારો છે, પરંતુ મુશ્કેલી એ છે કે, નવા શૈક્ષણિક વર્ષમાં ધોરણ.૧માં પ્રવેશ લેનાર ૬ વર્ષના બાળકો મળશે ખરા? કારણ કે, સરકાર દ્વારા એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, ૨૦૨૨-૨૩ના શૈક્ષણિક વર્ષમાં ૧૦૦ ટકા બાળકોનું નામાંકન થયું છે. હવે જો ૨૦૨૨-૨૩માં ૫ વર્ષ પૂર્ણ કરનાર ૧૦૦ ટકા બાળકોનું નામાંકન થઈ ગયું હોય તો, આ વર્ષે ૬ વર્ષ પૂર્ણ થયેલા બાળકો તો ધોરણ.૨માં આવી જશે. શિક્ષણ નિષ્ણાંતો અને રાજ્યની સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકોને પૂછતા તેવો ચિંતા વ્યક્ત કરી રહ્યાં છે કે, આ વર્ષે ધોરણ.૧માં બાળકો શોધવા મુશ્કેલ બની જશે. બીજી તરફ શિક્ષણ વિભાગના અધિકારીઓ એવો દાવો કરી રહ્યાં છે કે, ૬ વર્ષના નિયમ વાળો પરિપત્ર ત્રણ વર્ષ પહેલા કર્યો હોવાથી વિદ્યાર્થીઓ મળી જશે.

રાજ્યના શિક્ષણ વિભાગના અધિકારીઓના દાવા મુજબ ધોરણ.૧માં પ્રવેશ માટે ૬ વર્ષની વય મર્યાદા નક્કી કરતો પરિપત્ર ત્રણ વર્ષ પહેલા જાહેર કરાયો હતો. જેથી ત્રણ વર્ષ અગાઉ નર્સરી અને કે.જી.માં એ મુજબ જ પ્રવેશ થયાં છે. જેથી સંખ્યામાં નજીવો ઘટાડો થઈ શકે છે પરંતુ વિદ્યાર્થીઓ નહી મળે તેવુ નહી બને. જેની સામે શિક્ષણ નિષ્ણાંતોનું કહેવુ છે કે, નર્સરી અને કે.જી.નું કલ્ચર માત્ર શહેરી વિસ્તારોમા જ છે અને આ બાળકો મોટાભાગે ખાનગી સ્કૂલોમાં જ પ્રવેશ લેતા હોય છે. મુશ્કેલી ગ્રામ્ય વિસ્તારની અને અંતરિયાળ સરકારી પ્રાથમિક શાળાઓમાં થશે. કારણ કે, સરકારી પ્રાથમિક શાળામાં ૯૦ ટકાથી વધુ બાળકો સીધા ધોરણ.૧માં જ પ્રવેશ લેતા હોય છે. એટલુ જ નહી, વર્ષ-૨૦૨૨માં જે બાળકોએ ૫ વર્ષ પૂર્ણ કર્યા હતા તેવા બાળકોના તો ગત વર્ષે પ્રવેશ થઈ ગયા હશે. એવા જ બાળકો પ્રવેશથી બાકી રહ્યાં હશે કે જે બાળકોએ ૨૦૨૨માં ૫ વર્ષ પૂર્ણ થયા નહી હોય.

સૌજન્ય : સંદેશ (તા.૨૧-૧૨-૨૨)

નર્સિંગ-ફીઝિયોથેરાપીની નવી ૩૫ કોલેજને મંજૂરી

# પેરામેડિકલમાં આજથી પ્રવેશ રાઉન્ડ હજુ ૧૦૦થી વધુ કોલેજને મંજૂરી નથી

અમદાવાદ,મંગળવાર

ધો.૧૨ સાયન્સ પછીના બોર્ડ પરિણામ આધારીત પેરામેડિકલ કોર્સીસ માટે અંતે પ્રવેશ કાર્યક્રમ જાહેર કરી દેવાયો છે.જે આવતીકાલે ૨૧મીથી પ્રથમ રાઉન્ડ શરૂ થશે અને ૨૯મીએ પ્રથમ રાઉન્ડનું સીટ એલોટમેન્ટ જાહેર થશે. આ વર્ષે હાલ નર્સિંગ અને ફીઝિયોથેરાપીની ૩૯ નવી કોલેજોને મંજૂરી મળી છે પરંતુ નર્સિંગની હજુ પણ ૧૦૦થી વધુ કોલેજોની રીન્યુઅલ પરમિશન એટલે કે ચાલુ વર્ષે પ્રવેશ માટેની મંજૂરી બાકી છે.હાલ કાઉન્સિલ દ્વારા મંજૂરી મેળવેલ જૂની અને નવી કોલેજોની યાદી પ્રવેશ સમિતિને આપી દેવાતા સમિતિ દ્વારા વધુ મોડું ન થાય તે માટે પ્રવેશ ફાળવણી માટેની પ્રક્રિયા શરૂ કરી દેવાઈ છે.

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૨૧-૧૨-૨૨)

## અંતે પ્રવેશ કાર્યક્રમ જાહેર : ૨૧થી૨૭ ડિસેમ્બર પ્રથમ રાઉન્ડ ચોઈસ ફિલિંગ અને ૨૯મીએ સીટ એલોટમેન્ટ

નીટ સિવાયના બોર્ડ પરિણામ આધારીત પેરામેડિકલના ૯ જેટલા કોર્સ માટે સરકારની અલાયદી પેરામેડિકલ પ્રવેશ સમિતિ છે.જેના દ્વારા ઓનલાઈન સેન્ટ્રલાઈઝ્ડ પ્રવેશ પ્રક્રિયા કરવામા આવે છે.પ્રવેશ સમિતિ દ્વારા અંતે અનેક મહિનાઓના વિલંબ બાદ પ્રવેશ કાર્યક્રમ જાહેર કરી દેવાયો છે.ધો.૧૨ સાયન્સનું પરિણામ મેમાં જાહેર થયા બાદ છેલ્લા ૭ મહિનાથી વિદ્યાર્થીઓ પ્રવેશ ફાળવણીની રાહ જોઈ રહ્યા હતા. પ્રવેશ સમિતિ દ્વારા ઓનલાઈન રજિસ્ટ્રેશન અને મેરિટની પ્રક્રિયા પૂર્ણ કરી દેવાઈ હતી પરંતુ નીટના પરિણામ બાદ પણ મોટા ભાગની કોલેજોનુ ઈન્સપેક્શન અને મંજૂરીની પ્રક્રિયા બાકી હોવાથી અને ત્યારબાદ ચૂંટણી આચાર સંહિતાને લીધે કાઉન્સિલ દ્વારા નવી કોલેજ-બેઠકો જાહેર ન કરાતા આગળની પ્રવેશ પ્રક્રિયા ખોરંભે પડી હતી. કાઉન્સિલ દ્વારા પ્રવેશ સમિતિને અત્યાર સુધીની મંજૂરી મેળવેલ નવી અને જુની કોલેજોની યાદી સોંપી દેવાતા પ્રવેશ સમિતિ દ્વારા પ્રક્રિયા જાહેર કરી દેવાઈ છે.

જે મુજબ ૨૧થી૨૭ ડિસેમ્બર સુધી પ્રથમ રાઉન્ડ માટે ઓનલાઈન ચોઈસ ફિલિંગ થશે. ૨૯મીએ સાંજે ઓનલાઈન સીટ એલોટમેન્ટ જાહેર કરાશે. ૩૦ ડિસે.થી ૪ જાન્યુઆરી ઓનલાઈન ફી ભરાશે અને પાંચમી જાન્યુઆરી સુધી વિદ્યાર્થીઓએ હેલ્પ સેન્ટર ખાતે રિપોર્ટિંગ કરાવી પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે. આ વર્ષે પેરામેડિકલ પ્રવેશ માટેની ૪૩ હજારથી વધુ વિદ્યાર્થીઓ મેરિટમાં છે.જેની સામે હાલ ૨૬ હજારથી વધુ બેઠકો છે. ગત વર્ષે ૩૩ હજારથી વધુ બેઠકો હતી અને જેની સામે ૫૦ હજારથી વધુ વિદ્યાર્થી હતા.જો કે હજુ નર્સિંગની ૧૦૦થી વધુ કોલેજની મંજૂરી બાકી છે.જે મળ્યા બાદ ૭ હજાર જેટલી બેઠકો વધશે.

### હાલ ૨૬ હજારથી વધુ બેઠક માટે પ્રક્રિયા હજુ ૭ હજાર બેઠકો મંજૂરી બાદ વધશે

જ્યારે પ્રથમ રાઉન્ડ માટે જેટલી કોલેજો-બેઠકો માટે પ્રક્રિયા થનાર છે તેમાં બીએસસી નર્સિંગમાં ખાનગી ૧૧૮ જુની કોલેજોની ૬૧૯૫ નવી ૧૦ કોલેજોની ૫૦૦ બેઠકો છે અને સરકારી આઠ કોલેજોની ૪૦૦ બેઠકો સાથે બીએસસી નર્સિંગની ૭૦૯૫ બેઠકો છે. જનરલ નર્સિંગની ખાનગી સંસ્થાઓમાં જૂની ૧૫૦ કોલેજોની ૭૪૪૦ નવી ૧૨ કોલેજોની ૫૫૦ અને સરકારી ૨૪ કોલેજોની ૯૧૫ સહિત ૮૯૦૫ બેઠકો છે. ઓક્ઝિલરી નર્સિંગમાં ખાનગી જૂની ૧૨૪ કોલેજોની ૪૩૮૫ અને નવી સાત કોલેજોની ૨૬૦ તથા સરકારી ૨૯ કોલેજોની ૬૫૦ બેઠકો સહિત ૫૨૯૫ બેઠકો છે.આમ ત્રણ કોર્સની જ ૨૧૯૨૫ બેઠકો છે. ફીઝિયોથેરાપીની ખાનગી જૂની ૬૬ કોલેજોની ૪૮૨૧, નવી સાત કોલેજની ૪૮૦ અને સરકારી પાંચ કોલેજની ૪૭૧ સહિત ૫૩૦૧ બેઠકો છે.જ્યારે ઓપ્ટિમેટ્રીની ૯ ખાનગી કોલેજોની ૩૨૮, ઓર્થોટિક્સની એક સરકારી કોલેજની ૧૨ બેઠકો,ઓક્યુપેશનલ થેરાપીની એક સરકારી કોલેજની ૧૨ બેઠકો, ઓડિયોલોજીની એક ખાનગી કોલેજની ૨૦ બેઠકો અને નેચરોપેથીની એક ખાનગી કોલેજની ૩૦ બેઠકો છે.હજુ ૭ હજાર બેઠકો વધશે

કેન્દ્ર સરકારે ગુજરાતના કાયદા વ્યવસ્થાની પોલ ઉઘાડી

# ગુજરાતમાં મહિલાઓ ય સલામત નથી, દર મહિને ૪૫ બળાત્કાર

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૨૮-૧૨-૨૨)

અમદાવાદ, મંગળવાર

એક તરફ, એવો દાવો કરાય છેકે, શાંત સલામત ગુજરાતમાં મહિલાઓ અડધી રાતે પણ ફરે છે. વાસ્તવમાં કેન્દ્રીય ગૃહમંત્રાલયે જ ગુજરાતમાં મહિલાઓ કેટલી સલામત છે તેની પોલ ઉઘાડી પાડી છે. લોકસભામાં રજૂ કરાયેલાં આંકડા મુજબ, ગુજરાતમાં દર મહિને ૪૫ મહિલાઓ પર બળાત્કાર થાય છે. આ જ દર્શાવે છેકે, ગુજરાતમાં કાયદા વ્યવસ્થાની સ્થિતી કથળી છે અને મહિલાઓની સલામતી રહી નથી.




કેન્દ્રીય ગૃહમંત્રાલયે લોકસભામાં રજૂ કરેલાં રિપોર્ટ મુજબ, ગુજરાતમાં વર્ષ ૨૦૧૮થી માંડીને વર્ષ ૨૦૨૧ સુધી ૨૧૫૬ મહિલા બળાત્કારનો ભોગ બની હતી. દર વર્ષે બળાત્કારના ૫૫૦ કેસો નોંધાઈ રહ્યા છે. આ જ પ્રમાણે, મહિલાઓ પર હુમલો કરવાની પણ ઘટનાઓ બની રહી છે. છેલ્લા ચારેક વર્ષમાં ૩૭૬૨ મહિલાઓ પર હુમલા થયા છે. એટલે કે દર મહિને ૧૦૦ મહિલાઓ પર હુમલા થઇ રહ્યા છે. આ પરિસ્થિતીને પગલે હવે મહિલાઓમાં ડરનો માહોલ છવાયો છે.

સરકાર અને ગૃહ વિભાગ ગમે તેટલા દાવા કરે પણ મહિલાઓ પર એસિડ એટેકની ઘટનાઓ પર યથાવત રહી છે. વર્ષ ૨૦૧૮થી માંડીને વર્ષ ૨૦૨૧ સુધી એસિડ એટેકના કુલ મળીને ૨૨ કેસો નોંધાયા છે. દર વર્ષે મહિલાઓ પર એસિડ છાંટવાની સરેરાશ ૭ ઘટનાઓ સામે આવી રહી છે. ચિંતાજનક વાત એછેકે, સામૂહિક બળાત્કારની ઘટનાઓમાં ય વધારો નોંધાયો છે. વર્ષ ૨૦૧૮માં સામૂહિક બળાત્કારની ૮ ઘટના બની હતી જ્યારે વર્ષ ૨૦૨૧માં સામૂહિક બળાત્કારની વધીને ૧૭ થઇ હતી. ચાર વર્ષમાં સામૂહિક બળાત્કારના કુલ ૫૬ બનાવો પોલીસ ચોપડે નોંધાયા હતાં.

છેલ્લા ચાર વર્ષમાં ૧૦૮૨ મહિલાઓની સરેઆમ હત્યા કરી દેવાઈ હતી. કેન્દ્રીય ગૃહમંત્રાલયના મતે, ગુજરાતમાં દર વર્ષે ૨૯૦ મહિલાઓની હત્યા થાય છે. ટૂંકમાં, શાંત સમૃધ્ધ અને સલામત ગુજરાતમાં મહિલાઓની પણ સલામતી રહી નથી તે હકીકત છે.આ જ દર્શાવે છેકે, ગુજરાતમાં ખાખી વર્દી ગુનેગારો પર કેટલો કાબૂ મેળવી શકી છે.

| વર્ષ | બળાત્કાર | હુમલા | એસિડએટેક | સામૂહિક બળાત્કાર | હત્યા |
|---|---|---|---|---|---|
| ૨૦૧૮ | ૫૫૩ | ૧૨૦૮ | ૭ | ૭ | ૨૯૯ |
| ૨૦૧૯ | ૫૨૮ | ૧૦૪૮ | ૫ | ૧૪ | ૨૬૩ |
| ૨૦૨૦ | ૪૮૬ | ૮૪૬ | ૪ | ૧૮ | ૨૬૦ |
| ૨૦૨૧ | ૫૮૯ | ૬૬૦ | ૬ | ૧૭ | ૨૬૦ |

## દર વર્ષે ૬ મહિલા પર એસિડ એટેક : સામૂહિક બળાત્કારની ઘટના વધી, છેલ્લા ચાર વર્ષમાં ૧૦૮૨ મહિલાઓની હત્યા

કેન્દ્રની સૂચના છતાં રાજ્ય સરકારે કોઇ નીતિ જ ઘડી નથી

# ગુજરાતમાં ભૂગર્ભજળ પ્રદૂષિત સિંચાઇ-ઘરેલુ વપરાશ માટે લાયક નથી

સૌજન્ય : ગુજરાત સમાચાર (તા.૩૧-૧૨-૨૨)

અમદાવાદ, ગુરૂવાર

ગુજરાતમાં આડેધડ રીતે ભૂગર્ભજળનો ઉપયોગ થઇ રહ્યો છે જેના કારણે જમીનમાં જળસ્તર ઉંડે જઇ રહ્યા છે. એટલુ જ નહીં, ભૂગર્ભજળ પણ પ્રદુષિત બન્યુ છે. કેન્દ્ર સરકારે રજૂ કરેલાં એક રિપોર્ટમાં એવા તારણો બહાર આવ્યા છેકે, ગુજરાતમાં હવે ભૂગર્ભજળ પણ એટલી હદે પ્રદુષિત બન્યુ છેકે, સિંચાઇ તો ઠીક પણ ઘરેલુ વપરાશને લાયક પણ રહ્યુ નથી. મહત્વની વાત તો એછેકે, કેન્દ્ર સરકારે ભૂગર્ભજળનું વ્યવસ્થાપન કરવા સ્પષ્ટ આદેશ આપ્યો છે તેમ છતાંય ગુજરાત સરકારે આજ દીન સુધી ભૂગર્ભજળને લઇને કોઇ નીતિ કે કાયદો ઘડ્યો નથી.

## સૌથી વધુ જળદોહન સિંચાઇ-રિયલ એસ્ટેટમાં, જો જળ વ્યવસ્થાપન નહીં કરાય તો ભૂગર્ભમાં ય પાણી ખૂટી પડશે

સિંચાઇ, ઘરેલુ વપરાશ ઉપરાંત ઉદ્યોગોમાં ય ભૂગર્ભજળનો વપરાશ થઇ રહ્યો છે. ગુજરાતના ભૂગર્ભજળ પ્રદુષિત થયુ છે. તેનુ કારણ એછેકે, ભૂગર્ભમાંથી પાણી મેળવવા માટે આડેધડ રીતે બોરવેલ કરવામાં આવી રહ્યા છે તેના પર સરકારનુ કોઇ નિયંત્રણ નથી. ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં બેરોકટોક રીતે પાણીના બોરવેલ બનાવવામાં આવી રહ્યા છે. આ કારણોસર જમીનમાં પાણીનુ સ્તર વધુ ઉંડે જઇ રહ્યુ છે. કેન્દ્ર સરકારના રિપોર્ટ અનુસાર, હાલ ગુજરાતમાં ૧૨.૬૫ બીએમસી ભૂગર્ભજળ સિંચાઇ અને ઘરેલુ વપરાશ માટે વપરાઇ રહ્યું છે જ્યારે ૦.૬૪ બીએમસી ભૂગર્ભજળનો ઉદ્યોગોમાં વપરાશ થઇ રહ્યો છે.

રાજ્ય સરકારનો દાવો છેકે, જમીનમાં જળસ્તર ઉંચા આવે તે માટે રિચાર્જ સહિતના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પણ બીજી તરફ, વાસ્તવિકતા એછેકે, કેન્દ્ર સરકારે જ ખુલાસો કર્યો છેકે, ગુજરાતમાં ૨૩ જિલ્લા એવા છે જ્યાં ભૂગર્ભજળમાં ખારાશનુ પ્રમાણ વધ્યુ છે. ૨૪ જિલ્લામાં ભૂગર્ભજળમાં ફ્લોરાઇડની માત્રા વધુ છે. ૨૬ જીલ્લામાં નાઇટ્રેટ અને ૧૨ જિલ્લામાં પાણીમાં આર્સેનિકનું પ્રમાણ જોવા મળ્યુ છે. ૧૧ જિલ્લામાં આયર્ન અને ૧ જિલ્લામાં સીસુ દેખાયુ છે. આ બધાય ઝેરી તત્વો સ્વાસ્થ્ય માટે જોખમી છે.

સૌથી વધુ જળદોહન સિંચાઇ અને રિયલ એસ્ટેટમાં થઇ રહ્યુ છે. ભૂગર્ભજળ પ્રદુષિત થતા કેન્દ્રસરકારે રાજ્ય સરકારને ચેતવી હોવા છતાંય આ મામલે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. એટલુ જ નહીં, ગુજરાતમાં ભૂગર્ભજળની આટલી ગંભીર સ્થિતી હોવા છતાં સરકારે વરસાદી પાણીને જમીનમાં ઉતારવા માટે કોઇ ગાઇડલાઇન જ નક્કી કરી નથી. જોકે, નિષ્ણાતોએ ચિંતા વ્યક્ત કરી છેકે, જો આ જ સ્થિતી રહી તો ગુજરાતમાં ભૂગર્ભજળ પણ ખુટી પડશે.

| ઝેરી તત્વો | જિલ્લા | કેટલુ પ્રમાણ? |
|---|---|---|
| ખારાશ | ૨૩ | ૩૦૦૦ માઇક્રો ઇંસીથી વધુ |
| ફ્લોરાઇડ | ૨૪ | ૧.૫ એમજીથી વધુ |
| નાઇટ્રેટ | ૨૬ | ૪૫ એમજીથી વધુ |
| આર્સેનિક | ૧૨ | ૦.૦૦૧ એમજીથી વધુ |
| આર્યન | ૧૧ | ૧ એમજીથી વધુ |
| સીસુ | ૦૧ | ૦.૦૧ એમજીથી વધુ |

કેડનિયમ-ક્રોમિયમની માત્રા જોવા મળી નથી

### કયા જિલ્લામાં ભૂગર્ભજળનો વ્યાપક ઉપયોગ થઇ રહ્યો છે

બનાસકાંઠા : ડીસા, દાંતિવાડા, દિયોદર, પાનેસ, લાખણી, કાંકરેજ,થારાદ
ગાંધીનગર : દહેગામ, ગાંધીનગર
જૂનાગઢ : ભેંસણ, જૂનાગઢ શહેર, માણાવદર
કચ્છ : ભૂજ,ભચાઉ,માંડવી
મહેસાણા : ખેરાલુ, મહેસાણા, ખેરાલુ, સતલાસણા, વડનગર, જોટાણા
પાટણ : ચાણસ્મા, પાટણ
સાબરકાંઠા : પ્રાંતિજ, વડોદરા : પાદરા



### કેટલાંય જિલ્લામાં ભૂગર્ભજળમાં ફ્લોરાઇડ,આર્સેનિક, નાઇટ્રેટ, આયર્ન, સીસુ જેવા ઝેરી તત્વો

પાંચ દેશોના પ્રવાસીઓ પર ચાંપતી નજર પણ શહેરમાં મેળાવડા ધમધોકાર

# કોરોનાના ભય વચ્ચે રિવરફ્રન્ટ પર ૧૨ જાન્યુઆરી સુધી ફ્લાવર શૉ

## ફ્લાવર શૉ ચાલશે ત્યાં સુધી અટલ ફૂટ બ્રિજ બે વાગ્યા સુધી જ ખુલ્લો

| અમદાવાદ |

એક તરફ કેન્દ્ર સરકારે ચીન સહિતના પાંચ દેશોમાંથી આવતા પ્રવાસીઓ પર ચાંપતી નજર રાખવા તે દરેકના આરટીપીસીઆર ટેસ્ટ ફરજિયાત બનાવ્યા છે ત્યાં અમદાવાદ શહેરમાં ચારેકોર રંગેચંગે ધાર્મિક અને સરકારી મહોત્સવોની બેફામ ઉજવણી ચાલે છે અને નીત નવાની જાહેરાતો થાય છે. જેના ભાગ રૂપે આજે AMCએ ૩૧ ડિસેમ્બરથી ૧૨ જાન્યુઆરી દરમિયાન રિવરફ્રન્ટ ખાતે ફ્લાવર શૉ યોજવાની જાહેરાત કરી તેમાં પ્રવેશ ફીની વિગતો અત્યંત ગર્વભેર આપી હતી.



સૌજન્ય : સંદેશ (તા.૩૦-૧૨-૨૨)

કોરોનાની જાણે કોઈ જ ચિંતા ન હોય તે રીતે જાહેર થયેલી આ વિગતો મુજબ, ફ્લાવર શોમાં પ્રવેશ માટે ૧૨ વર્ષથી ઉપરના મુલાકાતીઓ માટે રૂ. ૩૦ ફી નક્કી કરાઈ છે અને ફ્લાવર શોનો સમય સવારે ૧૦ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધીનો રહેશે. બે વર્ષ પછી યોજાનાર ફ્લાવર શોને ધ્યાનમાં લઈને ૧૩ દિવસ બપોરે બે વાગ્યાથી દરમિયાન અટલ ફૂટ ઓવરબ્રિજ બંધ કરી દેવામાં આવશે.



ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ તથા સેવાદળ સ્થાપના દિન નિમિત્તે ધ્વજ વંદન કાર્યક્રમ.

Published on every 5th and 20th every month

# સૌને ન્યાય સાથે બંધારણીય અધિકાર
# એ જ કોંગ્રેસ નો નિર્ધાર



R.N.I. No. 70957/1998 Postal Registration No. GAMC/1720/2021-23 Valid upto 31-12-2023 issued by the SSPO'a Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO on 5th & 20th of every month. Editor, Publisher and Printer : Hasmukh Patel, Printed on Behalf of the Krut Sankalp Trust from Sankalp Prakashan, Nr. S.L.U. College, Kochrab, Ahmedabad - 380006 & Printers at Payal Printers Income Tax, Ashram Road, Ahmedabad - 380015.